
**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**
**સંચાલિત**

# પંચોલી નવયુગ

Well Come

**2020**

## Happy New Year





જાન્યુઆરી-૨૦૨૦ અંક - ૧ વર્ષ ૫૮ સળંગઅંક : ૪૭૨

માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.



તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com

Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org



સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી
રાજપીપલા
જન્મ : ૧૭.૪.૧૯૧૮ સ્વર્ગવાસ : ૪.૧.૧૯૯૮
ચૈત્ર સુદ ૭, ગુરૂવાર પોષ સુદ સાતમ, રવિવાર

## નવયુગ શુભેચ્છક

## બાવીશમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના,
પ્રેમ, દીર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃતિ આપના સમગ્ર જીવનમાં
કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા, તનતોડ મહેનત કરવાના
આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી,
આપ લીલી સંસારવાડી મુકી દત્તશરણ થયા......
પરમાત્મા આપના દર્શાવેલ પરમપથ પર પદાર્પણ કરવા
અમો સહુને શકિત અર્પે

### અર્પણકર્તા

સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

2010-2030

## આપ બન્નેને અમારી સૌની વંદના



સ્વ. મણીલાલ ભૂલાભાઈ પંચોલી
જ.તા. ૧.૧.૧૦૨૮
સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨(૮૪ વર્ષ)

સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી
જ.તા. ૧.૧.૧૦૩૪
સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧ (૭૭ વર્ષ)

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ,
બ્રહ્માકુમારી સૅન્ટર સામે, પ્લૉટ ૬-ડી,
દત્તાત્રૅય રૉડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મૉબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

## નવયુગ શુભેચ્છક

સ્નેહભીની કરુણામયી માતા ચરણે શરણ દીજે,
બીલખ રહે હમ શિશુ સુત તેરે દયા દ્રષ્ટિ કીજે,
જય માતાદી.... જય માતાદી.....
જય માતા દી જય હો....

નવલું વર્ષ તંદુરસ્તમય, તાજગીમય અને
આનંદમય બની રહો એજ પ્રાર્થના
સર્વે જ્ઞાતિજનોને
અમારા

### વર્ષ ૨૦૨૦ના સાલમુબારક

કિરણ મણીલાલ પંચૉલી
અ.સૌ. પ્રીતિ કિરણ પંચૉલી
કૌશલરાજ કિરણ પંચૉલી
ચિ. ધ્યાના-ચિ. ક્રિશિવ કૌશલરાજ પંચૉલી
અ.સૌ. રીમા કમલેશ ગજ્જર
અક્ષર જયૅશભાઇ ગાંધી
અ.સૌ. હૅતલ અક્ષર ગાંધી
ચિ. હિયાંશ અક્ષર ગાંધી

2010-2030

# પરદાદા-પરદાદીની આશિષ વર્ષા



સ્વ. મણીલાલ ભૂલાભાઈ પંચોલી
સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી

## અમારા જીવન બાગના ફોરમતા પુષ્પો



ચિ. ધ્યાના
જ.તા. ૦૯.૦૧.૨૦૧૬



ચિ. ક્રિશિવ
જ.તા. ૧૨.૧૨.૨૦૧૯



ચિ. હિયાંશ
જ.તા. ૦૫.૦૭.૨૦૧૯

કિરણ મણીલાલ પંચોલી — અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી — અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી — ચિ. ક્રિશિવ કૌશલરાજ પંચોલી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી — ચિ.. અક્ષર જયેશભાઇ ગાંધી
ચિ. હિયાંશ અક્ષરકુમાર ગાંધી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સેન્ટર સામે,
પ્લોટ ૬-ડી, દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મોબાઇલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮/૭૯૭૭૭ ૨૯૨૭૮



અક્ષરવાસી
ગં.સ્વ. શાંતાબેન ભીખાભાઈ પંચોલી
જન્મ તા. ૬.૮.૧૯૨૮ અ.વા.તા. ૨૧.૧.૨૦૦૯

## નવયુગ શુભેચ્છક

# અગિયારમી પૂણ્યતીથીએ ભાવભરી શ્રદ્ધાંજલી

ખરેખર 'મા' આજે પણ તમારા વ્હાલના
દરિયા સમી આઠેય દિકરીઓ તમારી
સતત હૂફ ઝંખે છે. ફોન કરતાં જ 'દિકરા'
અને 'બેટા' જેવા શબ્દો સાંભળવા
અમારા કાન તલસી રહ્યા છે.
પ્રેમાળ અને સદા હસતો ચહેરો
આજે પણ આંખની સમક્ષ તરતો રહે છે,
સાથે એ હૃદયમાં હજી પણ એવો ને એવો અકબંધ છે.
તમારા પ્રેમાળ અને સ્નેહભર્યા સ્પર્શને ઝંખતી
તમારી વ્હાલના દરિયા સમી દિકરીઓ

પદમા, ધર્મિષ્ઠ(જયોતિ), માયા, પ્રવિણા,
હેમા, ગીતા, સોનલ, અલોકી
તથા પરિવારજનો....

2010-2030

---

## નવયુગ શુભેચ્છક



સ્વ. કૃષ્ણકાંત ઉત્તમરામ મારફતીઆ
જન્મ : ૨૦.૯.૧૯૫૪ સ્વર્ગવાસ : ૧૩.૧.૨૦૧૦

# દશમી પૂણ્યતિથિએ.....હૃદયાંજલિ

'આપના સમૃદ્ધ આદર્શો, અથાગ પરિશ્રમ, સાદગીભર્યુ જીવન, પરોપકારી સેવાભાવી સ્વભાવ, શિક્ષણ આપવાના-વધારવાના સતત પ્રયાસો તથા સચ્ચાઈ અમારા પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે ને રહેશે.' આપના દેહવિલયને આજે ત્રણ વર્ષ પૂરા થયા છે, ત્યારે પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ બક્ષે એજ પરિવારની પ્રાર્થના.....

## અર્પણકર્તા

ગં.સ્વ. જયશ્રીબેન કૃષ્ણકાંત મારફતીઆ

શ્રી નિરજકુમાર કે. મારફતીઆ — ગં.સ્વ. નિર્મળાબેન યુ. મારફતીઆ
શ્રીમતિ સ્વાતિ એન. મારફતીઆ — સ્વ. અનિલકુમાર યુ. મારફતીઆ
શ્રીમતિ મેઘના - શ્રી હર્ષકુમાર — ગં.સ્વ. વાસંતીબેન એ મારફતીઆ

ચિ. પ્રાર્થવી નિરજકુમાર મારફતીઆ
ચિ. આર્યન નિરજકુમાર મારફતીઆ

૪૧/૭, 'શ્રી કૃષ્ણ વિહાર'
સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટરની પાછળ,
અઠવા લાઈન્સ, સુરત - ૩૯૫ ૦૦૭
(ઘર) + ૯૧-૨૬૧-૨૨૫૭૨૬૪
મો. : ૯૩૨૭૯ ૩૧૫૨૫

2010-2030

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**જાન્યુઆરી-૨૦૨૦**

तमसो मां ज्योतिर्गमय

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક** **રૂા. ૧૦/-**

**વાર્ષિક લવાજમ** **રૂા. ૧૦૦/-**

# તંત્રી નોંધ



વર્ષ ૨૦૨૦નું આગમનથી કેલેન્ડર બદલાયું પરંતુ કેલેન્ડર સાથે આપણે પણ બદલાવાનું છે... સ્વભાવ, વિચારધારા બદલવાની છે... જીવનમાં સંપ સુહૃદભાવ અને એકતાને પ્રાધાન્ય આપવાનું છે... આ ત્રણ ગુણ હશે તો સમાજમાં સંપ વધશે અને સાથે સાથે પ્રગતિ પણ થશે..

૨૦૨૦માં આપેલ વાયબ્રન્ટ પંચોલી સમાજનું લક્ષ્ય આ વર્ષ સુધીમાં કરવાનું હતું અને યુવાનોએ એ પુરવાર કરી બતાવ્યું... ઘણાં એકમોમાં સ્વયં ગૃપ શરૂ થઇ ગયા અને પ્રગતિને પંથે દોડતા થઇ ગયા..... એની પ્રતિતિ આકાંક્ષા-૩માં અંકલેશ્વર મુકામે થઇ.....હવે લાગે છે આપણે વાયબ્રન્ટ પંચોલી સમાજ માટેના પ્રયત્નોમાં મહદ્ અંશે સફળતા તરફ જઇ રહ્યા છીએ...

મોટા એકમના પ્રમુખશ્રીઓને વિનંતિ કે તેઓ યુવાનોને આકર્ષવા સ્પેશ્યલ ફંડ ફાળવવામાં આવે. તેમને માર્ગદર્શન આપે એવા બે ત્રણ છોકરોઓને જવાબદારી સોપવામાં આવે અને યુવાનોને મનગમતા પોગ્રામનું આયોજન કરે તો યુવાનો સમાજમાં પ્રવૃત્તિમય બની રસ લેતા થશે જ.

મહિલા મંડળો પણ નિયમિત મળી રહ્યા છે. નિતનવા પ્રોગ્રામો - પ્રોજેકટો કરી પ્રગતિ કરી રહ્યા છે. દરેક એકમના પ્રમુખો પણ સક્રિય થાય પ્રવૃત્તિઓ કરે તેવું આયોજન કરશે તો સમાજ ખરેખર વાયબ્રન્ટ બનશે...

અવે ઉતરાયણ પછી લગ્નગાળાની સીઝન શરૂ થશે.. લગ્ન પ્રસંગે ફટાકડા, જમણવાર અને વસ્ત્રો પાછળ થતા લાખોના ખર્ચ કરો છો તો નવયુગને પણ યાદ કરશો.. નવદંપતિનો ફોટો આપી રૂા. ૫૦૦૦/- કે રૂા. ૨૫૦૦/- આપશો તો આભારી થઇશ..હવે પંચોલી સમાજને ૨૦૩૦માં લઇ જવો તે અંગે એક ફરીથી ચિંતન શિબિરની જરૂરીઆત છે.. કોણ પહેલ કરશે. ?

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સે.સ.મહામંડળ
મો. ૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ તથા બાળકો..

સૌ કુશળ હશો.

વર્ષ ૨૦૧૯ની જગ્યાએ ૨૦૨૦ લખાતુ થઇ ગયુ. અને બધા ૨૦૧૯ની સારી નરસી યાદો સાથે નિકળશે નવા વર્ષ ૨૦૨૦ની સફરે....

જે જે જ્ઞાતિજનો અંકલેશ્વર સેવા સમાજ અને સ્વયં અંકલેશ્વર આયોજીત આકાંક્ષા-૩માં ઉપસ્થિત રહ્યા તેઓ સૌ સમાજની એક મધુર અને અવિસ્મરણિય અનુભવ યાદ કરશે. સંપૂર્ણ ભરેલું ઓડિટોરીયમ સ્વયં સફળતા કહેતુ હતું. હાજર રહેનાર તમામ જ્ઞાતિજનોનો પ્રતિભાવ એક જ હતો અતિ સુંદર, અંકલેશ્વરના તમામ કાર્યકર્તાઓનેજેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. જેઓ ના આવી શકયા તેઓને માટે ફેસબુક અને મહામંડળ ગ્રુપ પર ફોટા અપલોડ કરવામાં આવ્યા છે. સુરત, મુંબઇ, વ્યારા, વડોદરા, રાજપીપલા જેવા એકમો કરતા માત્ર ૧૦% ઘરો, સંખ્યાની દ્રષ્ટિએ નાનુ એકમ પણ ઇચ્છાશકિતની દ્રષ્ટિએ વિશાળ એવું અંકલેશ્વર એકમ ઘણાં માટે પ્રેરણારૂપ છે. ન્યુઝ ચેનલો અને ન્યુઝ પેપરોએ પણ આકાંક્ષા-૩ની નોંધ લીધી.....અદ્ભુત.

ડૉ. વિસ્મય મિસ્ત્રી સ્વયં પ્રમુખ કુ. ક્રિના, સંયોજક અમિષાબેન અને બધાની પાછળ પ્રેરણાસ્તોત્ર એવા ડૉ. મહેશભાઇ તથા સમગ્ર અંકલેશ્વરના તમામ કાર્યકર્તાઓને અભિનંદન.. સાથે સાથે આકાંક્ષા-૩ માટે ખૂબ તૈયારી સાથે આવેલ તમામ એકમો અને તમામ કાર્યકર્તાઓને અભિનંદન... અને અન્ય એકમો પણ આગામી વર્ષમાં એકાદ પ્રોગ્રામ કરે... ખાસ કરીને પાલ વિભાગ અને પાલ વિભાગ જે રીતે સામાજિક કાર્યક્રમ, નવયુગમાં રસ લઇ રહ્યો છે. તે જોતા આ અશકય નથી જ..

આનંદના સમાચાર એ છે કે આકાંક્ષાના મંચ પરથી સ્વયં સુરતના પ્રમુખ અને સ્વયંના અધ્યક્ષા મૃદુતા મિસ્ત્રી પંચોલી અને સ્વયંની ટીમે વર્ષ ૨૦૨૧માં ઉડાન-૩ની જાહેરાત કરી... અભિનંદન સુરત સ્વયંને...

મહામંડળની તમામ સંલગ્ન સંસ્થાઓના હોદ્દેદારોને જણાવવાનું કે એકાઉન્ટીંગ યર એન્ડીંગ આવી રહ્યુંછે.. તો તમારા એકાઉન્ટની તૈયારીઓ કરવા માંડજો.. જેથી સમયસર એકાઉન્ટ બનાવી શકાય. મહામંડળની કારોબારી મેળવવાની ગણત્રી કરી રહ્યા છીએ તો ફેબ્રુઆરીમાં કોઇપણ એકમ કારોબારી આયોજીત કરવા તૈયાર હોય તો મહામંત્રીશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે... બસ ૨૦૨૦માં સૌ સુખી થાઓ અને સમાજમાં સંગઠનની ભાવના વધે એવી શુભેચ્છાઓ.....

***'જો રસ્તો સુંદર હોય તો લક્ષની ચિંતા કરવી નહીં...
અને જો લક્ષ સુંદર હોય તો રસ્તાની કદી ચિંતા કરવી નહીં...'***

**જો વ્યકિતના ઈરાદા મક્કમ હોય તો દરેક મુશ્કેલીઓનો સામનો કરીને લક્ષ પ્રાપ્ત કરી શકે છે..**

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી ગજેન્દ્રભાઇ વલ્લભભાઇ મપારા વડોદરા | શ્રી કમલેશભાઇ મણીલાલ પંચોલી વડોદરા

# Hearty Congratulations to.....

## Darshil - Keyur - Reeya







**Darshil**

For winning Gold Medal in National Round of Kenken International championship 2019-Indian Edition

**Keyur**

Group Achievement Award-2018 for Design Instollation Testing and Commissioning of Plasma Pyrolysis/Incineration Demonstration Facility at RSMS (SWM), Trombay BARC

**Reeya**

1st Price social Science Exhibition held during The Academic year 2019-20 at Atomic Energy Central School Bombay

## શુભેચ્છક


સ્વ. જેકોરબેન તથા સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી સમસ્ત પરિવાર
શ્રી ચેતનકુમાર વિઠ્ઠલદાસ પંચોલી Mo. : 94268 01911
શ્રીમતિ જ્યોતિબેન ચેતનકુમાર પંચોલી Mo. : 92657 00036
બી-૧૬, હરી ૐ નગર સોસાયટી, નંદેલાવ રોડ, ભોલાવ, ભરૂચ - ૩૯૨ ૦૦૧

શ્રી કંદર્પ ચેતનકુમાર પંચોલી
Mo. : 93776 42511
શ્રીમતિ જીગીષા કંદર્પ પંચોલી
Mo. : 99747 37918
શ્રીમતિ આનંદીબેન તથા
શ્રી નરેશભાઈ એન. પંચોલી પરિવાર
વડોદરા
Mo. : 96015 22295

શ્રીમતિ ડો. મૌતિકા કેયૂર પંચોલી
Mo. : 98694 22295
Mo. : 99695 95206 (Keyur)

શ્રીમતિ બીનાબેન તથા
શ્રી સુમનભાઈ એમ. પંચોલી પરિવાર
વ્યારા
Mo. : 97249 32323





અનંતશ્રી વિભુષિત વૈ.વા.
સ્વામી
શ્રી અનિરુધ્ધાચાર્યજી મહારાજ

ચર્તુભુજ સ્વરૂપ શ્રીપતિ બાલાજી ભગવાન

# હૃદયાંજલી





અનંતશ્રી વિભુષિત
શ્રી શ્રી વત્સપીઠાધીશ્વર
સ્વામી શ્રી વેંકટેશાચાર્યજી મહારાજ

**સ્વ. અ.સૌ. રેખાબેન રજનીકાંત પંચોલી**
**સ્વર્ગવાસ સંવત ૨૦૭૬, કારતક વદ ૯, તા. ૨૧.૧૧.૨૦૧૯ ને ગુરૂવાર**

વાસુદેવ સર્વમ્, વાસુદેવ શરણમ્
ચર્તુભુજ સ્વરૂપ શ્રી નારાયણ ભગવાન કી જય
દ્વિભુજ સ્વરૂપ શ્રી નારાયણ ભગવાન કી જય
વિશ્વરૂપ સ્વરૂપ શ્રી નારાયણ ભગવાન કી જય
વિરાટ સ્વરૂપ શ્રી નારાયણ ભગવાન કી જય
યજ્ઞ સ્વરૂપ શ્રી નારાયણ ભગવાન કી જય

પરમ્ કૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ તથા પરમગતિ આપે
એજ પ્રભુ પ્રાર્થના

**જય શ્રીમન્ન નારાયણ**

**અર્પણકર્તા**

રજનીકાંત સોમાલાલ પંચોલી

આકાશ રજનીકાંત પંચોલી
અંજલી આકાશ પંચોલી
ચિ. રીધમ આકાશ પંચોલી
રાગિણી રજનીકાંત પંચોલી

નિરજકુમાર કૃષ્ણકાંત મારફતિયા
સ્વાતિ નિરજકુમાર મારફતીયા
પાર્થવી નિરજકુમાર મારફતીયા
આર્યન નિરજકુમાર મારફતિયા

૨, તુલસી સો. ઝવેરનગર પાસે, કે.કે. હોસ્પિટલ પાસે, વડોદરા-૩૯૦ ૦૧૯
(Mo.No. 9428005192)

# અમારા જીવનબાગમાં ખીલેલું પુષ્પ



**ક્રિષ્ણા - માહિર - રોનિશ**

ઇશ્વરના દરબારેથી ઉતર્યા આશીર્વાદના નીર..
સુરત નિવાસી ક્રિષ્ણા અને રોનિશ પંચોલીને આંગણે
પુત્ર રૂપે 'ચિ. માહિર'
તા. ૨૧.૧૧.૨૦૧૯

**શુભેચ્છક**

શ્રી અશ્વિનભાઇ મનહરભાઇ પંચોલી-દાદા
શ્રીમતિ હીનાબેન એ. પંચોલી - દાદી
શ્રી એનિશ એ. પંચોલી - કાકા
શ્રીમતિ ગાયત્રીબેન એ. પંચોલી - કાકી
ચિ. ચાર્મી એ. પંચોલી - દીદી
એ-૪, શૃંગલ રેસીડન્સી, અલથાણ - સુરત

શ્રી કેશવભાઇ એચ. પંચોલી - પરનાના
શ્રી પંકજભાઇ કે. પંચોલી - નાના
શ્રીમતિ સંગીતાબેન પી. પંચોલી - નાની
ચિ. રૂદ્રમ પી. પંચોલી - મામા
ગામ -

---

PancholiShaadi.com

**Name** : **Yuvraj Dilipkumar Pancholi**
**Date Of Birth** : 21/09/1993 **Time Of Birth** : 06.50am
**Place Of Birth** : Vadodara **Age** : 25 years
**Education** : M.Sc Organic Chemistry
**Occupation** : Gujarat State Fertilizers & Chemicals Ltd. Vadodara
**Native** : Jambugoda
**Hobbies** : Music, Travelling, Cricket.
**Father** : Dilipkumar C Pancholi - GSFC Service
**Mother** : Ranjanben - Government Job
**Brother** : Nishant D Pancholi
**Occupation** : Software Developer at Web Media Experts.
**Bhabhi** : Shraddha N Pancholi
**Occupation** : Assistant Manager at Kotak Mahindra Bank
**Address** : Quarter No. 741/C, Sheetalkunj Sector, Fertilizer Nagar Township, GSFC, Vadodara – 391750
**Mobile No** : 9998969732/7984091994



## મેરે ઘર આયી એક નન્હી પરી




**ચિ. નીવા કૃશાંત જરીવાલા**

જ.તા. ૨૭.૧૧.૨૦૧૯

**શુભેચ્છક**

શ્રી સંજયકુમાર મોહનલાલ જરીવાલા
શ્રીમતિ રીટાબેન સંજયકુમાર જરીવાલા
શ્રી કૃશાંત સંજયકુમાર જરીવાલા
શ્રીમતિ ભૂમિકા કૃશાંત જરીવાલા
ચિ. પૂજા સંજયકુમાર જરીવાલા

૮, પૂજા રો હાઉસ, શકિતનિકેતન મંદિરની બાજુમાં
અડાજણ, સુરત મો. ૯૭૨૩૬ ૯૩૪૮૭



નામ : નિખિલ
પિતા : અજયકુમાર ધનસુખલાલ ગજ્જર
માતા : જ્યોતિબેન
જન્મ તા. : ૧૫.૦૨.૧૯૯૩
અભ્યાસ : B.Com,
CS -running ( Comapany Secretary )
સર્વિસ : C.A.-Paras S. Shah & Company
એડ્રેસ : બી-૪, દિવ્ય જ્યોતિ એપાર્ટમેન્ટ, ૪થે માળે, BAPS સ્વામિનારાયણ મંદિર પાછળ, ચંદનપાર્કની બાજુમાં, અડાજણ, સુરત
મો. : અજયભાઈ-૮૧૫૬૦ ૩૨૫૧૬
નિખિલ-૮૧૬૦૦ ૩૦૫૪૧



Name : **Bhargav**
Date of Birth : 24 – 08 – 1996
Birth Place : surat
Height : 5'8"
Education : BE Civil Engineer
Occupation : Job
Father : Hemantbhai Dilipbhai pancholi
Mother name : Tanujaben
Sister : Manali Tonykumar Mistry (vyara)
: Foram GauravKumar Pancholi -Baroda
G. Father : Dilipbhai Mohanlal Pancholi
G.Mother : Manjulaben Dilipbhai Pancholi
Add. : 7/14 Abhinav apartment,
Nr sarswati vidhyala
Honey park road , surat.
Contact no. : 8141432122 (Bhargav)
: 7405103087(Hemantbhai)

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

### શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ

# અમૃત દિપોત્સવી ઉત્સવ-૨૦૧૯-૨૦

## એક ઝલક





















પંચોલી નવયુગ શુભચિંતક
શ્રી જીતેન્દ્રભાઈ છગનલાલ મિસ્ત્રી અમદાવાદ
શ્રી રમેશચંદ્ર મગનલાલ પંચોલી છોટાઉદેપુર

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ

# અમૃત દિપોત્સવી ઉત્સવ-૨૦૧૯-૨૦

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ, શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇ અને યુવા મંચ આવિષ્કાર ગૃપ મુંબઇના સહયોગે તા. ૮. ડિસેમ્બર ૨૦૧૯ના અમૃતદિને અમૃત દિપોત્સવી રસોત્સવ-૨૦૧૯નું અમૃત આયોજન ચર્ચગેટ મુંબઇ સ્થિત કે.સી.કોલેજ ઓડિટોરીયમ મુકામે બપોરે ૨.૦૦ કલાકે યોજવામાં આવ્યો.

અમૃત દિપોત્સવી કાર્યક્રમમાં પધારનાર તમામ સભ્યોનું સ્વાગત રેડ કાર્પેટ તથા સેલ્ફી પોઈંટ દ્વારા યોજાયુ હતું. કાર્યક્રમમાં પધારનાર તમામ સભ્યો સેલ્ફી બેનર સાથે તેઓના અમૃત યાદગાર રૂપી સેલ્ફી ફોટો પડાવી રહ્યા અને અનેરો આનંદ માણી રહ્યા. તમામ સભ્યો માટે ચા-કોફી તથા વિવિધ પ્રકારના બિસ્કીટસનું આયોજન હતું. જેની મઝા તમામ સભ્યોએ માણી.

ડિજીટલ સ્કીન અને સેલ્ફી પોઈન્ટ વીથ રેડ કાર્પેટની ચકાચોંધ જોઈને સૌનો આનંદનો પાર ન રહ્યો. બરાબર ૩.૧૫ કલાકે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ અને તેની તમામ સંલગ્ન સંસ્થાઓના કાર્યકર્તા તથા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ કલાકારો દ્વારા ઓડિટોરીયમના એન્ટરન્સથી સાહિત્ય ખંડમાં વાજતે ગાજતે અનોખો પ્રવેશ કરાયો. જેથી સર્વે હાજર સભ્યો આનંદિત અને ઉત્સાહિત થઇ રહ્યા.

ત્યારબાદ ૩.૩૦ કલાકે પ્રવકતા શ્રી વિશાલ કમલ કાપડિયા, શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી અને શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી દ્વારા ખંડમાં હાજર લગભગ ૪૦૦ જેટલા સભ્યોનું સ્વાગત શુભેચ્છા અને અભિનંદન સહ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના સાંસ્કૃતિક કાર્યક્રમનો પ્રારંભ થયો. દરેક શુભ કાર્યની શરૂઆત ગણેશજીથી થાય છે તેમ અમૃત દિપોત્સવી કાર્યક્રમની શરૂઆત ગણેશજીની પ્રાર્થનાથી કરવામાં આવી.. વક્રતુંડ મહાકાય..સૂર્યકોટી સમપ્રભ..ના ગુંજથી સમગ્ર ખંડ અમૃત પવિત્ર થઇ રહ્યો.

મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી દ્વારા શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા અમૃત પર્વથી શરૂ કરાયેલ અમૃત કુંભનું મહત્વ તેમજ અમૃતકુંભ વિશેની જાણકારી દર્શાવવામાં આવી. અને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના પ્રમુખ શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી આજરોજના અધ્યક્ષ અને અધ્યક્ષા શ્રીમતિ ઇન્દિરાબેન અને શ્રી રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી, શ્રીમાન ભાવિકભાઇ મોહનલાલ કાપડિયા, શ્રીમાન વિપુલ જયંતિલાલ મિસ્ત્રી, શ્રીમતિ ડૉ. દક્ષા વિપુલ મિસ્ત્રી, ઉપપ્રમુખ શ્રી વિશાલ કાપડિયા, શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રી, ખજાનચી શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલી સર્વેને મંચ ઉપર આમંત્રિત કરાયા. અને જેઓના વરદ હસ્તે દિપ પ્રાગટયની અમૃત જયોત પ્રજ્વલિત કરવામાં આવી જે સાથે જ ભારત દેશના શહિદ જવાનો તેમજ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના આજરોજ સુધી સ્વર્ગવાસ પામેલ સર્વે સભ્યોને યાદ કરી સાહિત્ય ખંડમાં હાજર તમામ સભ્યોએ તેઓના સ્થાન ઉપર ઉભા રહીને બે મિનિટનું મૌન જાળવી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી. અને એ સાથે જ ભારત દેશના અમૂલ્ય રાષ્ટ્રગાન જન..ગન..મન.. ને માન અપાયુ અને ઉલ્લેખનીય છે કે આ તમામ કાર્યક્રમ ડીજીટલ સ્ક્રીન પર દર્શાવવામાં આવ્યો હતો. આમંત્રિત તમામ અધ્યક્ષ, અધ્યક્ષા, પ્રમુખ, ઉપપ્રમુખ પધારેલ સર્વે જ્ઞાતિજનો, બાળકલાકાર દ્વારા ગણેશ વંદના નૃત્યથી ભવ્ય સ્વાગત કરાયું. જે ખૂબ જ સુંદર મોહિત અને પ્રસંશનિય રહ્યુ. જે માટે જયંતિભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી તરફથી રૂા. ૫૦૧/નું ઈનામ પ્રાપ્ત થયું. આ તમામ બાળકલાકારોને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી જેઓના ગણેવંદનાના સ્વાગત ગીતને પ્રોત્સાહિત કરી સર્વેને ઈનામ અપાયા. ગણેશવંદના સ્વાગત ગીતમાં ભાગ લેનાર બાળ કલાકારોના નામ... ઈશીકા રાહુલ મિસ્ત્રી-મીરારોડ, ભાગ્ય દેવાંગ ગાંધી-મીરારોડ, કસક રાકેશ મિસ્ત્રી-મીરારોડ, હર્ષિતા હિરલ મિસ્ત્રી-અંધેરી, રોહન રાકેશ મિસ્ત્રી-મીરારોડ, કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ, જશ સંજય

મિસ્ત્રી-મીરારોડ, વૈભવ વિરલ મિસ્ત્રી-મીરારોડ, શ્રધ્ધા વિમલ મિસ્ત્રી-મીરારોડ.

શ્રી પંચોલી સેવા સમાજનો સન્માન તેમજ ઇનામ વિતરણનો કાર્યક્રમ શરૂ કરાયો જેમાં સૌ પ્રથમ પંચોલી સેવા સમાજ મુંબઇના સક્રિય કાર્યકર્તા દરેક કમિટિ મેમ્બર્સ સાથે તાલ મેળવી એડજસ્ટ થઇ સમાજના દરેક કાર્યકર્તાઓને પ્રોત્સાહિત અને મહત્વનું સ્થાન આપી સમાજના દરેક કાર્યને પ્રગતિના પંથે દર્શાવનાર પ્રમુખશ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીને મંચ પર આમંત્રિત કર્યા. અને એ સાથે અધ્યક્ષ અને અધ્યક્ષા શ્રીમતિ ઇન્દિરાબેન અને શ્રીમાન રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી, અધ્યક્ષ અને અધ્યક્ષા શ્રીમતિ મનિષાબેન તથા શ્રી ભાવિકભાઇ મોહનલાલ કાપડિયા, અધ્યક્ષ અને અધ્યક્ષા શ્રીમતિ ડૉ. દક્ષા અને શ્રીમાન વિપુલભાઇ જયંતિભાઇ મિસ્ત્રીને મંચ ઉપર ઉપસ્થિત રહેવાનું આમંત્રણ અપાયું. ને સાથે જ ઉપપ્રમુખશ્રી વિશાલ કમલ કાપડિયા, શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી, પંચોલી ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા, યુવા મંચ આવિષ્કાર ગૃપના પ્રમુખશ્રી હર્ષ ભાવિકભાઇ કાપડિયા, પંચોલી સેવા સમાજ મુંબઇના ખજાનચી શ્રી કુંતલભાઇ પ્રફુલભાઇ પંચોલી ઓડિટરશ્રી કિરણભાઇ મણીભાઇ પંચોલી. સર્વેને મંચ ઉપર આમંત્રિત કરી જેઓનું સ્થાન ગ્રહણ કરવા જણાવાયું. એ પછી તમામ અધ્યક્ષશ્રીઓ અને અધ્યક્ષા દ્વારા પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રીને પુષ્પગુચ્છ આપી સ્વાગત અને અભિનંદન અપાયા. અને ત્યારબાદ તમામ અધ્યક્ષ અને અધ્યક્ષાઓનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું. પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રીએ તમામ જ્ઞાતિજનોને આશીષ વચનો દર્શાવ્યા અને તમામ કાર્યકર્તાઓ અને સમાજના સમગ્ર જ્ઞાતિજનોના સાથ - સહકાર બદલ અભિવાદન કરાયા. અને 'સબકા સાથ સબકા વિકાસ' જેવા અમૃત વાકયથી તેઓનું પ્રવચન સમાપ્ત કર્યુ.

એ પછી મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી દ્વારા આજરોજના અધ્યક્ષ અને અધ્યક્ષા શ્રીમતિ ઇન્દિરાબેન અને શ્રીમાન રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રીનો પરિચય અપાયો. જે બાદ શ્રી રાજેન્દ્રભાઇ મિસ્ત્રી દ્વારા ખુબ જ સુંદર હૃદય સ્પર્શી પ્રવચન આપ્યું. શ્રી રાજેન્દ્રભાઇ મિસ્ત્રીએ અમૃત મહોત્સવ પ્રસંગે રૂા. ૧૫,૦૦૦/- અને અધ્યક્ષ સ્થાને રૂા. ૧૦,૦૦૦/- આમ કુલ રૂા. ૨૫,૦૦૦/- મુંબઇ સમાજને ભેટ આપ્યા.

સહમંત્રીશ્રી ફોરમ દેવાંગ ગાંધી દ્વારા આજરોજના અધ્યક્ષશ્રી ભાવિકભાઇ મોહનભાઇ કાપડિયાના પરિચયનું વાંચન કરાયું. શ્રી ભાવિકભાઇ કાપડિયા દ્વારા તમામ કારોબારીને અભિનંદન અપાયા અને જેઓએ અમૃત મહોત્સવ પ્રસંગે રૂા. ૨૫,૦૦૦ ભેટ તરીકે નોંધાવ્યા.

એ પછી શ્રી મયુર કમલ કાપડિયા દ્વારા આજરોજના અધ્યક્ષ અને અધ્યક્ષા શ્રીમતિ ડૉ. દક્ષા અને શ્રીમાન વિપુલભાઇ જયંતિભાઇ મિસ્ત્રીનું પ્રવ્ચ્નું વાંચન કરવામાં આવ્યું. અધ્યક્ષશ્રી વિપુલભાઇ જયંતિલાલ મિસ્ત્રીએ સમગ્ર કારોબારી સભ્યોની પ્રસંશા કરી અને સુંદર કાવ્ય રજુ કરી સૌના મન મોહી લીધા અને જેઓએ અમૃત મહોત્સવ ફંડ માટે રૂા. ૨૫,૦૦૦/- અને અધ્યક્ષ સ્થાને રૂા. ૧૧,૦૦૦/- આમ કુલ રૂા. ૩૬,૦૦૦/-ની ભવ્ય ભેટ શ્રી પંચોલી સમાજને અર્પણ કરી.

આ સાથે જ ત્રણેય અધ્યક્ષ અને અધ્યક્ષાને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી ૧૦ ગ્રામના ચાંદીના સિક્કા યાદગીરી રૂપે ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા.

ત્યારબાદ આ વર્ષના લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ થયેલ એવા યુગલોનું સ્વાગત કરવા આમંત્રિત કરાયા. જેમાં શ્રીમતિ ચંદ્રિકાબેન અને શ્રીમાન નવિનભાઇ ગીરધરલાલ પંચોલીને મંચ પર આમંત્રિત કરાયા અને જેઓને અધ્યક્ષ અને અધ્યક્ષા શ્રીમતિ ઇન્દિરાબેન અને શ્રીમાન રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રીના વરદ હસ્તે સાલ, શ્રીફળ અને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન તેમજ સન્માનિત કરાયા. આજના પ્રસંગ નિમિત્તે શ્રીમાન નવિનચંદ્ર ગિરધરલાલ પંચોલી તરફથી રૂા. ૨,૨૨૨/- શ્રી પં.સે.સ. મુંબઇને ભેટ અપાયા.

શ્રીમતિ કલાવતી અને શ્રીમાન નવિનચંદ્ર લલ્લુભાઇ

મિસ્ત્રીને મંચ પર આમંત્રિત કરાયા અને જેઓને અધ્યક્ષશ્રી ભાવિકભાઇ મોહનલાલ કાપડિયાના વરદ હસ્તે સાલ, શ્રીફળ અને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન તેમજ સન્માનિત કરાયા અને આજરોજના પ્રસંગે શ્રીમાન નવિનચંદ્ર લલ્લુભાઇ મિસ્ત્રી તરફથી રૂા. ૨,૨૨૨/- શ્રી પં.સૈ.સ. મુંબઇને ભેટ તરીકે અપાયા.

શ્રીમતિ શારદાબેન અને શ્રીમાન રજનીકાંત હરગોવિંદદાસ મિસ્ત્રીને મંચ ઉપર આમંત્રિત કરાયા અને જેઓને અધ્યક્ષ-અધ્યક્ષા શ્રીમતિ ડો. દક્ષા અને શ્રી વિપુલભાઇ જયંતિલાલ મિસ્ત્રીના વરદ હસ્તે સાલ, શ્રીફળ અને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન તેમજ સન્માન કરાયા. આજરોજના પ્રસંગ નિમિત્તે શ્રી રજનીકાંત હરગોવિંદદાસ મિસ્ત્રી તરફથી રૂા. ૫૦૧/- શ્રી પં.સૈ.સ. મુંબઇને ભેટ તરીકે નોંધાવ્યા.

શરૂ કરાયો ઇનામ વિતરણનો અમૃત પર્વ..દર વર્ષે શ્રી પંચોલી સૈવા સમાજ મુંબઇના ધો.૧ થી ધો. ૧૧માં ઉચ્ચ ગુણાંક મેળવનાર દરેક વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને શ્રીમતિ કુસુમબેન ઠાકોરલાલ મિસ્ત્રીના સ્મરણાર્થે શ્રી ઠાકોરલાલ દલપતરામ મિસ્ત્રી ગોરેગાવ તેમજ શ્રી પંચોલી સૈવા સમાજ મુંબઇ તરફથી રોકડ ઇનામ આપવામાં આવે છે. જે ઇનામ નીચે દર્શાવેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને આપી અભિવાદન કરાયા.

| ધો. | નામ | સ.હકકદાર |
|---|---|---|
| ૨ | કુ. કદિશા ગૌરવ પ્ર. મિસ્ત્રી-ગોરેગાંવ | રાજેન્દ્રભાઇ |
| ૩ | ભાગ્ય દેવાંગ કિરીટ ગાંધી-મીરારોડ | ભાવિકભાઇ |
| ૪ | કુ. દેવાંશી સંદિપ પ્રમોદ મિસ્ત્રી-અંધેરી | વિપુલ |
| ૫ | કુ. ઇશિકા રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી-મીરારોડ | રાહુલ |
| ૬ | કુ. કસક રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ | અનુરાધાબેન |
| ૭ | જશ ફાગુન કાંતીલાલ પંચોલી-કાંદીવલી | હર્ષ |
| ૮ | હેમ કૌશલ પ્રમોદ મિસ્ત્રી-ગોરેગાંવ | વિશાલ |
| ૯ | સુજલ યતિન નવિનચંદ્ર પંચોલી-ખેતવાડી | ડિમ્પલ |
| ૧૦ | પ્રથમ કુ. પ્રાચી સંકેત રમેશચંદ્ર પંચોલી-તાડદેવ | |
| | દ્વિતીય પાર્થ સંકેત રમેશચંદ્ર પંચોલી-તાળદેવ | |
| ૧૧ | કુ. નિતિ કેતન જયંતિ મિસ્ત્રી-વસઇ | ઇન્દિરા |

દર વર્ષે શ્રી પંચોલી સૈવા સમાજ મુંબઇના ધો. ૧૨માં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને સ્વ શ્રી જયકુમાર ઝીણાભાઇ કાપડિયાના સ્મરણાર્થે તેમના વડિલશ્રી સ્વ. શ્રી મધુસુદનભાઇ ઝીણાભાઇ કપડિયા અને પરિવાર તરફથી મળેલ દાનના વ્યાજ વપરાશ તેમજ શ્રી પં.સૈ.સ. મુંબઇ તરફથી રોકડ ઇનામ અપાય છે જે આ વર્ષે કુમાર યુવરાજ દિવ્યકાંત મિસ્ત્રીને મંચ પર આમંત્રિત કરીને આપવામાં આવ્યું.

સ્નાતક અને અનુસ્નાતક એટલે કે ગ્રેજયુએટ તેમજ પોસ્ટ ગ્રેજયુએટ તથા ડિપ્લોમાં ડિગ્રી મેળવનાર દરેક વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને માતુશ્રી સ્વ. ભગવતીબેન અને પિતાશ્રી મણીલાલ ભુલાભાઇ પંચોલીના સ્મરણાર્થે એમના પુત્રશ્રી કિરણભાઇ મણીભાઇ પંચોલી તરફથી મળેલ માતબર દાન રૂા. ૧,૧૧,૧૧૧/-ના ફકત વ્યાજ વપરાશમાંથી રોકડ ઇનામ અપાય છે. તેમજ માતુશ્રી ગોદાવરીબેન ઝીણાભાઇ કાપડિયાના સ્મરણાર્થે એમના પુત્ર સ્વ. શ્રી મધુસુદન ભાઇ કાપડિયા તથા પરિવાર તરફથી મળેલ રકમમાંથી રોકડ રકમ અપાય છે. તેમજ માતુશ્રી સ્વ. પાર્વતીબેન અને પિતાશ્રી સ્વ. નગીનદાસ પ્રાણજીવનદાસ મિસ્ત્રી ના સ્મરણાર્થે તેમના પુત્ર સમાજરત્ન એવં પંચોલી યુગાન્તર શ્રી જીતેન્દ્રભાઇ મિસ્ત્રી તથા શ્રી જતીન નગીનદાસ મિસ્ત્રી તરફથી મળેલ રકમના વ્યાજ વપરાશમાંથી પારિતોષિક અને સ્મૃતિ ચિન્હ એટલે કે મોમેન્ટો અને સર્ટીફિકેટ આપવામાં આવે છે. જે આ વર્ષે નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓને અર્પણ કરવામાં આવ્યા.

Dip. ECCE કુ. નિધિ શૈલેષ ધીરજલાલ પંચોલી કુંભારવાડા - દક્ષાબેન

M.Com કુ. મિનિષા ઇન્દ્રવદન રમેશચંદ્ર મિસ્ત્રી - કાંદીવલી - પરાગ

M.Com કુ. રૂષિકા રાજેન્દ્ર રમેશચંદ્ર પંચોલી - દુભાષલેન - કુંતલ

B.M.M. કુ. પલક કલ્પેશ જયંતિલાલ મિસ્ત્રી - મીરારોડ - કિરણભાઇ

Gr. in Yoga કુ. અર્પણા મોહનલાલ ડાહ્યાભાઇ મિસ્ત્રી જોગેશ્વરી - રાજેન્દ્રભાઇ

M.B.A. શ્રી કિરણ જયંતિલાલ ચંદુલાલ મિસ્ત્રી - બેંગ્લોર - ભાવિકભાઇ

C.A. કુમાર ચિત્રાંગ મયંક ઠાકોરલાલ મિસ્ત્રી - ગોરેગાંવ - વિપુલભાઇ

Dr. in Dent. કુ. રાજવી આશિષ પંચોલી-અંધેરી - કિરણભાઇ

M.B.A. કુમાર રચિત દિપકભાઇ મહેતા - ખોતાચીવાડી - રાહુલભાઇ

MS.CIT કુમારી કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ - ડિમ્પલ

Civil Engg. કુમાર ધ્રુવ કૌશિક હીરાલાલ પંચોલી-મલાડ - વિશાલભાઇ

અમૃત વર્ષ ના અમૃત પર્વ નિમિત્તે શ્રી પં.સે.સ. મુંબઇના વિવિધ ક્ષેત્રે વિશેષ ઉપલબ્ધી પ્રાપ્ત કરનાર સમાજના ગૌરવોનું સમાજ ગૌરવ તરીકે અમૃત બહુમાન તેમજ અમૃત અભિવાદન કરવા નીચે દર્શાવેલ સભ્યોને સમાજ ગૌરવના વિશિષ્ટ મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કરાયા. જેઓના નામ તેમજ જેઓએ પ્રાપ્ત કરેલ વિશેષ ઉપલબ્ધિ નીચે પ્રમાણે દર્શાવેલ છે.

કુ. કદિશા ગૌરવ પ્રવિણભાઇ મિસ્ત્રી-ગોરેગાવ - રાજેન્દ્રભાઇ (Booked her Name in Guiness Word Book & Asia Book of Record as Largest Roller Sketter)

શ્રી અનિશભાઇ અમૃતલાલ પંચોલી-કાંદીવલી - ભાવિકભાઇ (Achieving Black Belt from Japan Gojuryu Karate - Do - Foundation) -

કુમારી ઉર્જા તેજલભાઇ મિસ્ત્રી - લેમિંગ્ટન રોડ-વિપુલભાઇ (Achieving Certificate as Artisticcs Gymnastics From Mumbai City District Championship)

શ્રી ફાગુન કાંતીલાલ પંચોલી-કાંદીવલી-રાહુલભાઇ Achieving Excellence in Finacial Reporting - Award from institute of Chartered Accounts of India)

કુમારી હર્ષિતા હિરલભાઇ મિસ્ત્રી-અંધેરી-ડિમ્પલબેન Achieving Mert Certificates for Participation at State Level of Spellathone of India

તેમજ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના અમૃત વર્ષના અમૃત પર્વ નિમિત્તે વિવિધ કોમ્પીટીશનના Participate તરીકે ભાગરૂપ થઇ વિવિધ પ્રકારના સર્ટીફિકેટસ અને મેડલ્સ પ્રાપ્ત કરનાર સમાજના ઉગતા તારલાઓને રાઇઝીંગ સ્ટાર તરીકે ગણના કરી. જેઓને રાઇઝીંગ સ્ટારના મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરાયા. આ તમામ તારલાઓના નામ તેમજ જેઓએ પ્રાપ્ત કરેલ વિવિધ સર્ટીફિકેટસ ની વિગત અને જેઓના નામની યાદી નીચે મુજબ છે.

કુમાર ભાગ્ય દેવાંગ ગાંધી-મીરારોડ, અનુરાધાબેન (Qualified in World Gunius Search Examination-2019)

કુમારી દેવાંશી સંદિપ મિસ્ત્રી-અંધેરી-હર્ષકુમાર (Participation In SOF International Mathematics Olympyad)

કુમાર ધ્રુવ કમલેશ પંચોલી-મુંબઇ-કુંતલકુમાર Achieving Gold Medal in International Mathematics Olympyad)

કુમારી ઇશિકા રાહુલ મિસ્ત્રી-મીરારોડ - ઇંદિરાબેન Achieving Gold Medal in International Mathematics Olympyad)

કુમાર પ્રહર્ષ મિનેષ મિસ્ત્રી-અંધેરી ડિમ્પલ Peformance in Speaking and Listening Engilish From Trinity College London

કુમારી કસક રાકેશ મિસ્ત્રી-ખારરોડ, ડો.દક્ષાબેન Participation in School Level Course in International Technology

કુમારી લવીના પરાગ મિસ્ત્રી-મુંબઇ-કિરણભાઇ Achieving Brown Belt in Esknma , From National Xcholl of Combat Arts

કુમારી યુકતા મિતેષ મિસ્ત્રી-અંધેરી ડિમ્પલ Qualified In English Competency Analysis Test

કુમારી કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ, રાજેન્દ્રભાઇ Participation in Maharastra State Level UCMAS - Abacus & Mental Anlumatic Competation

કુમાર હેમ કૌશલ મિસ્ત્રી-ગોરેગાવ - પરાગભાઇ Achieving Award For Integrated Shills in English Level I Certificate vy Trinty College London.

શ્રી પ.સે.સમાજ મુંબઇ સમાજની ઓફિસ 'સુવર્ણધામ' રીપેરીંગમાં ગઇ હોવાથી સમાજની ઓફિસમા રહેલો ઉપયોગી સામાન તેમજ ફાઇલો જેઓએ પોતાના નિવાસ સ્થાને રાખવા સ્વેચ્છાએ મંજુરી દર્શાવેલ હતી. જેવા શ્રીમતિ પલ્લવી અને શ્રી ગૌરવ પ્રવિણભાઇ ડાહ્યાભાઇ મિસ્ત્રી અને તેમના પરિવારજનોના શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની તમામ કારોબારી તેમજ સમગ્ર સમાજ આભારી રહ્યા છે. અને જેઓને આજરોજના અમૃત દિપોત્સવી રસોત્સવ પ્રસંગે મંચ ઉપર આમંત્રિત કરી જેઓનું પુષ્પગુચ્છ આપી સન્માન અને બહુમાન કરાયું. અને આજ પ્રમાણે શ્રી પં.સે.સ. મુંબઇના તમામ સભ્યો સમાજની ઉન્નતી અને પ્રગતિના તમામ કાર્યોમાં એકજુટ થઇ સમાજનો પાયો મજબુત બનાવે જેવી આશા સાથે પ્રવચનો અપાયા.

મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી દ્વારા અંકલેશ્વર એકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, નવસારી એકમ તરફથી આવેલ અભિનંદનના પત્રોનો ઉલ્લેખ કરાયો. શ્રી પંચોલી સેવા સમાજ મહાંડળ પ્રમુખશ્રી હેમંતભાઇ મિસ્ત્રી, મહામંત્રીશ્રી નિશીકાંતભાઇ મિસ્ત્રી, વ્યારાના શ્રી મનિષભાઇ પંચોલી, નવસારીના શ્રી જતીનભાઇ મહેતા, અંકલેશ્વરના ડો. મહેશભાઇ મિસ્ત્રી જેવા પ્રભાવશાળી સભ્યોના વોટસએપ દ્વારા મોકલેલ મેસેજનો ઉલ્લેખ કરાયો હતો. અને શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર દ્વારા મોકલાવેલ ભેટ રૂા. ૧,૧૦૧ની જાણ અપાય હતી.

શ્રી પં.સે.સ. મુંબઇ અમૃત મહોત્સવ પ્રસંગે શ્રી પં.સે.સ. મુંબઇના ઇતિહાસમાં સૌ પ્રથમવાર પંચોલી ગીતનું પ્રસારણ કરાયું. પંચોલી ગીતના રચિયતા શ્રી જયદીપ ગિરીશભાઇ ઝવેરી રહ્યા. પંચોલી ગીતનો મધુર સ્વર શ્રી વિશાલ કમલભાઇ કાપડિયાના રહ્યા અને એ સાથે સુંદર સુમધુર અવિસ્મરણિય પંચોલી ગીતના સ્વર સમગ્ર સાહિત્ય ખંડમાં ગુંજી રહ્યા. ચાલો માણીએ પંચોલી ગીત.....

આભને અડતાં આવડે હું પંચોલી છું.
આંખે ચડતાં આવડે હું પંચોલી છું.
સૌની કિસ્મતને બદલવાની કરામત
અમને કરતાં આવડે હું પંચોલી છું.
હરએક દિશાઓ માં અમને મળતો રે સાથ
છે આ પંચોલી સેવા સમાજ....(2)
આ છે પંચોલી...નવતર પંચોલી...છે
આ પંચોલી સેવા સમાજ....
ચલો ઉજવીએ ઉત્સવ મુંબઇ આંગણે.
સુંદર મોકો પાછો ક્યારે સાંપડે..
હાથ પકડીએ એકબીજાનો એ પછી
આંખોમાં નવા સપનાંઓને વાવીએ
ઉઘડે છે આશા લઇને આ વર્ષે પ્રભાતછે
આ પંચોલી સેવા સમાજ....(2)
આ છે પંચોલી...નવતર પંચોલી...છે
આ પંચોલી સેવા સમાજ...
.ના હો મનમાં મેળ ક્યારેક તે છતાં
છે અનોખી આપણી આ વારતા.
શક્ય છે સંભારતા સૌ થઇ જશે
જ્યારે કળશે આપણી આ ભવ્યતા
એક સુરમાં સઘળે ગુંજી ઉઠશે આ અવાજ
છે આ પંચોલી સેવા સમાજ....(2)
આ છે પંચોલી...નવતર પંચોલી...
છે આ પંચોલી સેવા સમાજ....

શ્રી પં.સે.સ. મુંબઇના ૭૫ વર્ષ એટલે કે અમૃત પર્વ

પ્રસંગે કેક કટીંગથી કાર્યક્રમ યોજાયો અને જે સાથે જ શ્રી પં.સૈ.સ. મુંબઇ માજી પ્રમુખ તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના હાલના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલીની આજરોજના દિને લગ્નની વર્ષગાંઠ હોવાથી જેઓને અને શ્રીમતિ અનુરાધાબેન મુકેશભાઇ પંચોલીને મંચ ઉપર આમંત્રિત કરાયા. અને આજરોજના દિને શ્રીમતિ કવિતાબેન અને વિજય પરમાનંદભાઇ પંચોલી અને શ્રીમતિ મધુમતી અને શ્રી જગદીશ ગોવિંદદાસ મિસ્ત્રીની પણ લગ્નની વર્ષગાંઠ હોવાથી જેઓને મંચ ઉપર આમંત્રિત કરાયા અને શ્રી પં.સૈ.સ. મુંબઇના પ્રમુખ તમામ અધ્યક્ષા અને અધ્યક્ષ સાથે મંચ ઉપર ઉપસ્થિત સર્વે મહાનુભાવોના વરદ હસ્તે કેક કાપવામાં આવી. જે સાથે જ ઇનામ અને સન્માન સમારંભ બરખાસ્ત જાહેર કરવામાં આવ્યો. જે સાથે જ શ્રી પં.સૈ.સ. મુંબઇના પ્રમુખ શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીએ જાતે સાહિત્ય ખંડમાં જઇ તમામ પ્રભાવશાળી હસ્તી તથા તમામ અન્ય સભ્યોને ઉત્સાહિત મને તેમના વરદ હસ્તે જગ્યા ઉપર જઇને કેક ખવડાવી સહુના મન જીતી લીધા. જે સાથે કુમારેશભાઇ જયંતિલાલ મિસ્ત્રી દ્વારા સ્વયં પોતે અમૃત કુંભ હાથમાં લઇ સાહિત્ય ખંડમાં હાજર સર્વે જ્ઞાતિજનોને અમૃતકુંભમાં દાન આપવા વ્યકિતગત રૂપે વિનંતી કરી. અને ઉલ્લેખનીય છે કે જેઓના આ પરિશ્રમને સર્વે સભ્યો દ્વારા યથા શકિત પ્રમાણે દાન અર્પણ થયું જેથી અમૃતકુંભ દાનના પ્રવાહથી છલકાઇ ગયો. શ્રી કુમારેશભાઇ જયંતિલાલ મિસ્ત્રીના આ બહુમૂલ્ય નિઃસ્વાર્થ કાર્ય માટે સમગ્ર કારોબારી તેમજ સમગ્ર સમાજ આભારી રહેશે.

શ્રી પં.સૈ.સ. મુંબઇના ઇનામ વિતરણ અને સન્માન સમારોહના ફકત દશ મિનિટના વિરામ બાદ શરૂ કરાયો. શ્રી પં.સૈ.સ. મુંબઇનો અવિસ્મરણિય રંગારંગ અમૃત દિપોત્સવી કાર્યક્રમ 'ગ્લોરીયસ જરની ૭૫ યર્સ ઓફ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની અમૃત ગાથા..'

આ અમૃત ગાથામાં શ્રી પંચોલી સેવા સમાજની સ્થાપ્નાથી લઇ સમાજનું ઘડતર, સંસ્થાની શરૂઆત, સંસ્થાનું રજીસ્ટ્રેશન સાથે સાથે કેવી રીતે લોકો મળ્યા, એકજૂથ થયા, સમાજની ઉન્નતિ થઇ. મહામંડળના પાયાની રચના કરાઇ, રામનવમી હવનનું આયોજન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ફંડની યોજના અને શરૂઆત, વિવિધ ઘટના, વાર-તહેવારે લોકોનું સન્માન, બંધારણનું ઘડતર, પંચોલી ઈતિહાસ, સમાજનું બદલાતુ રૂખ, વિવિધ યોજના, અવિસ્મરણિય કાર્યો જેવા કે ટેલીફોન ડિરેકટરી, વસ્તીપત્રક, સાથે સાથે વિવિધ સંસ્થાની સ્થાપના, હવન યોજના, અંત્યેષ્ટી યોજના, અલગ અલગ ફંડ, વગેરે વગેરેનું દ્રશ્ય રૂપી નાટયરૂપાંતર થકી ડીજીટલ સ્ક્રીન ઉપર દર્શાવવામાં આવ્યું. સભ્યો વિવિધ દ્રશ્યો નિહાળીને ચકાચોંધ અને આનંદથી મોહિત થઇ રહ્યા.

અમૃતગાથા થકી સુંદર હાવભાવ સાથે નાટયરૂપી રૂપાંતર દર્શાવાયુ. જેના લેખક રહ્યા જયદીપ ગીરીશભાઇ ઝવેરી અને ફોરમ દેવાંગ ગાંધી અને આ નાટયરૂપી રૂપાંતરમાં નીચે પ્રમાણેના કલાકારોએ ભાગ ભજવ્યો.

દાદાજીનું પાત્ર-શ્રી હર્ષ ભાવિક કાપડિયા
પિતાજીનું પાત્ર-મયૂર કમલભાઇ કાપડિયા
માતાનું પાત્ર-કુ. કશ્વી રાહુલ મિસ્ત્રી
પૌત્રનું પાત્ર-કુમાર ભાગ્ય દેવાંગ ગાંધી-ઉ.વ. ૮
પૌત્રીનું પાત્ર-કુ. ઈશિકા રાહુલ મિસ્ત્રી-ઉ.વ.૮
મીત્રનું પાત્ર - કુ. હર્ષિતા હિરલભાઇ મિસ્ત્રીઉ.વ. ૧૨
વ્યાખ્યાન કુ. કશક રાકેશભાઇ મિસ્ત્રી ઉ.વ. ૧૧ અન્ય કલાકારો શ્રી ચેતનભાઇ મોહનલાલ કાપડિયા, શ્રી વિશાલભાઇ કમલભાઇ કાપડિયા, આ નાયટરૂપી રૂપાંતરમાં સૌ પ્રથમ હર્ષ કાપડિયા, ઈશિકા મિસ્ત્રી, ભાગ્ય ગાંધી, કશ્વી મિસ્ત્રી, મયૂર કાપડિયા દ્વારા ખૂબ જ સુંદર રીતે સંવાદ કરી સરસ હાવભાવ સાથે સ્પષ્ટ ડાયલોગ ડિલેવરી દ્વારા શ્રી પં.સૈ.સ. મુંબઇની રચના, ઘડતર, સ્થાપ્ના, બંધારણની રચના, રામનવમી, હવનનું આયોજન વગેરેનું દ્રશ્ય રચાયું. શ્રી ચેતનભાઇ કાપડિયા, મયુર કાપડિયા, વિશાલ કાપડિયા દ્વારા સુંદર સંવાદ થકી સમાજમાં શરૂ કરાયેલ વિવિધ કાર્યોનું ઉલેખન થયું અને ઉલ્લેખનીય છે કે શ્રી વિશાલ કાપડિયાના અતિશય પરિશ્રમ દ્વારા બનાવેલ વિડિયોનું

પ્રદર્શન ડિજીટલ સ્ક્રીન ઉપર દર્શાવાયુ. અને જુની યાદો અને જુના ચહેરા તથા જુના કાર્યક્રમોની રૂપરેખાનું દ્રશ્ય ડિજીટલ સ્કીન ઉપર નિહાળી સર્વે જ્ઞાતિજનો અતિ પ્રસન્ન થઇ રહ્યા. આ સાથે શ્રી પં.સૌ.સ. મુંબઇની વિવિધ મહિલા અને પુરૂષ સભ્ય દ્વારા લાજવાબ સુંદર ગરબો રજુ કરાયો. જેના બોલ હતા 'રમતી આવે માડી રમતી આવે...' આ ગરબામાં ભાગ લેનાર કલાકાર હતા લીના રાહુલ મિસ્ત્રી-મીરારોડ, ફોરમ દેવાંગ ગાંધી-મીરારોડ, પલ્લવી રાકેશ મિસ્ત્રી-મીરારોડ, પ્રભા રશ્મીન મિસ્ત્રી-મીરારોડ, ડિમ્પલ નયન મિસ્ત્રી-મીરારોડ, જાગૃતિ રાકેશ મિસ્ત્રી-મીરારોડ, વત્સલ રશ્મીન મિસ્ત્રી-મીરારોડ, દેવાંગ કિરીટભાઇ ગાંધી-મીરારોડ, જસ સંજય મિસ્ત્રી-મીરારોડ, મયૂર કમલ કાપડિયા-મીરારોડ, વિશાલ કમલ કાપડિયા- મીરારોડ, નયન નવિનભાઇ મિસ્ત્રી-મીરારોડ.

કસક રાકેશ મિસ્ત્રીએ સુંદર સરસ સ્કૂલ ટાઇમ મારી શાળા, મારે ફરી એક વાર શાળાએ જવું છે ના વિષય ઉપર હાવભાવ અને સુંદર દ્રષ્ટિકોણ અને લેખન રજુ કરી સર્વે જ્ઞાતિજનોને પ્રભાવિત કરી સર્વેના મન પ્રફુલ્લિત અને આનંદિત કર્યા.

શ્રી પં.સૌ.સ. મુંબઇના ઇતિહાસમાં યુગોના યુગ સુધી ઉલ્લેખનીય નિખાલસ અને ઉત્કૃષ્ટ નિઃસ્વાર્થી સેવા બજાવનાર શ્રી પં.સૌ.સ. મુંબઇના વિશેષ પ્રભાવશાળી



સન્માનીય, સાલસ, આદર્શ વ્યકિતત્વ ધરાવનાર બાર વિશેષ સભ્યોને વિશેષ વિશેષણનો ખિતાબ 'પંચોલી યુગાંતર'ના ખિતાબથી સન્માનિત કરવા જેવો નિર્ણય શ્રી પં.સૌ.સ. મુંબઇની કારોબારી દ્વારા લેવાયો હતો. અને જે માટે આજરોજનો અમૃત રસોત્સવ પ્રસંગ નિરધારિત કરાયો હતો. તેમજ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની ચાલુ વર્ષની કારોબારી તથા માજી પ્રમુખ તથા માજી ઉપપ્રમુખ, માજી મંત્રી, માજી ખજાનચી તથા વિશેષ પ્રભાવશાળી અને અગ્રણ્ય સન્માનિત સભ્યો સાથેની વિશેષ ચર્ચા, વિચારણા, સલાહ-સુચન, યોગ્ય માર્ગદર્શન તથા વિશેષ વાતાઘાટો અને જેઓના અમૂલ્ય સહકાર બાદ શ્રી પં.સૌ.સ. મુંબઇની ચાલુ વર્ષની કારોબારી સમિતિ દ્વારા એવો નિર્ણય લેવાયો હતો કે શ્રી જીતેન્દ્રભાઇ નગીનદાસ મિસ્ત્રીને આજરોજના અમૃત રસોત્સવ પ્રસંગે તમામ મતભેદો ભુલી જઇ અમૃત ભાવાર્થે માન અને સન્માન સહ 'સમાજ રત્ન'નું બિરૂદ પુનઃ અર્પણ કરવું. જેથી કરીને સૌ **પ્રથમ સમાજ રત્ન શ્રી જીતેન્દ્રભાઇ નગીનદાસ મિસ્ત્રી**નું નામ ઘોષિત કરાયુ અને મંત્રીશ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી દ્વારા સમાજ રત્ન એવં પંચોલી યુગાંતર શ્રી જીતેન્દ્રભાઇ મિસ્ત્રીની શ્રી પં.સૌ.સ. મુંબઇને અપાયેલ સેવાકિય કારકિર્દીનો ઉલ્લેખ કરાયો અને જેઓને મંચ ઉપર આમંત્રિત કરાયા. આજરોજના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી શ્રી પંચોલી સેવા સમાજના પ્રમુખ શ્રી રાહુલભાઇ મિસ્ત્રી, ઉપપ્રમુખ વિશાલભાઇ કાપડિયા અને મંત્રીશ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રીના વરદ હસ્તે તેમજ ૪૦૦ ઉપસ્થિત સભ્યોની હાજરીમાં શ્રી જીતેન્દ્રભાઇ મિસ્ત્રીને સમાજરત્ન નો ખિતાબ પુનઃ અર્પણ કર્યાની ઘોષણા કરાય.. સાથે જેઓશ્રીને પંચોલી યુગાંતરના અધિક એક ખિતાબ આપીને વિશેષ માનથી સન્માનિત કરાયા. જે સાથે જ **સમાજરત્ન એવં પંચોલી યુગાંતર શ્રીમાનશ્રી જીતેન્દ્રભાઇ નગીનદાસ મિસ્ત્રી**એ આજરોજ ના દિને મૌન અગિયારસ હોવાથી વધુ ન બોલતા સર્વે કારોબારી સભ્યો તેમજ તમામ જ્ઞાતિજનોના ભાવુક સ્વરે આભાર વ્યકત કર્યો અને જેઓને સર્વે જ્ઞાતિજનોએ સ્ટેન્ડીંગ ઓવેશન આપી બહુમાન આપી અભિવાદન સમર્પિત કર્યા.

શ્રી વિશાલભાઇ કમલભાઇ કાપડિયા દ્વારા શાંત, સરલ, પ્રામાણિક, નિખાલસ તેમજ વ્યવહારીક આદર્શ મહિલા નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રીના સામાજિક જીવન અને જેઓની સમાજ પ્રત્યેની લાગણીઓનું ઉલ્લેખન થયું. અને જેઓને માન અને આદર્શો મંચ ઉપર આમંત્રિત કરાયા સાથે આજરોજના

પંચોલી નવયુગ શુભચિંતક શ્રી અમૃતભાઇ વલ્લભભાઇ પંચોલી દ્વારા શ્રી નવિનચંદ્ર ઠાકોરલાલ ગાંધી દ્વારા



અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઇ મિસ્ત્રી શ્રી પં.સૌ.સ. મુંબઇના પ્રમુખ શ્રી રાહુલભાઇ મિસ્ત્રી, ઉપપ્રમુખ શ્રી વિશાલભાઇ કાપડિયા તથા મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રી આ સર્વેના વરદ હસ્તે નારીરત્ન હસુમતીબેન મિસ્ત્રીને પંચોલી યુગાંતરના વધુ એક ખિતાબથી સન્માનિત કરી બિરદાવવામાં આવ્યા. અને જે સાથે જ **નારીરત્ન એવં પંચોલી યુગાંતર હસુમતીબેન મિસ્ત્રી**એ ભાવુક મને સમાજને આર્શીવચનો જણાવી રૂા. ૫,૦૦૦/- ભેટ આપ્યા.

શ્રી પં.સૌ.સ. મુંબઇના મુખ્ય સુત્રધારના નામોની યાદીમાં જેમની ગણના થાય છે એવા **શ્રીમાન** ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રીને મંચ ઉપર આમંત્રિત કરી જેઓના



કાર્યનો વિશેષ ઉલ્લેખન તેમજ સરાહના કરવામાં આવી, અને ભરતભાઇ મિસ્ત્રીને આજરોજના અધ્યક્ષ, પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીશ્રી આ સર્વેના વરદ હસ્તે 'પંચોલી યુગાંતર'નો ખિતાબ આપી સન્માનિત કરાયા અને પંચોલી **યુગાંતર શ્રીમાન શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી**એ સમગ્ર કારોબારી તેમજ ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોનો આભાર વ્યકત કર્યો અને હાલની કારોબારીને પ્રોત્સાહિત કરી આશિષ વચનો સહ રૂા. ૨૫૦૦ શ્રી પં.સૌ.સૈ મુંબઇને ભેટ તરીકે નોંધાવ્યો.

શ્રી વિશાલ કાપડિયા દ્વારા શ્રી પં.સૌ.સ.મુંબઇના અગ્રણ્ય તેમજ અટલ નિર્ણાયક અને સ્પષ્ટ વકતાની ઉત્તમ છાપ અંકિત કરનાર શ્રી નવિનચંદ્ર લલ્લુભાઇ




મિસ્ત્રીની સમાજ પ્રત્યેની કાર્યશૈલી વિષે ઉલ્લેખ કરાયો અને જેઓને મંચ ઉપર આમંત્રિત કરાયા. જુઓને અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ મિસ્ત્રી, પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રી, ઉપપ્રમુખ શ્રી વિશાલભાઇ કાપડિયા તથા મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી આ સર્વેના વરદ હસ્તે પંચોલી યુગાંતરનો ખિતાબ આપી સન્માનિત કરાયા. જે સાથે પંચોલી **યુગાંતર શ્રીમાન શ્રી નવિનચંદ્ર લલ્લુભાઇ**એ સુંદર પ્રવચન આપી તે વખતના કાર્યકર્તા સ્વ. મહેન્દ્રભાઇ પંચોલી, સ્વ. આશિષભાઇ મિસ્ત્રી વગેરે સાથી કાર્યકર્તાઓને યાદ કર્યા અને પંચોલી યુગાંતર શ્રી નવિનભાઇ મિસ્ત્રીએ તેમનું પંચોલી યુગાંતર સ્વ. શ્રી ધર્મેન્દ્ર ઉર્ફે આશિષભાઇ જયંતિલાલ મિસ્ત્રીને સમર્પિત કરી તેઓની ઉત્તમ છાપ અંકિત કરી. અને જેથી સર્વે જ્ઞાતિજનોએ પંચોલી યુગાંતર શ્રી નવિનભાઇ મિસ્ત્રી માટે ગર્વની લાગણી અનુભવી.

એ પછી શરૂ કરાય અમૃતગાથાનો શેષ ભાગ જેમાં **શ્રીમતિ ફોરમ** દેવાંગ ગાંધીના મધુર સ્વર થકી ભૂતકાળમાં રચાયેલ વિવિધ કાર્યક્રમો તેમજ વિવિધ કાર્યોની રૂપરેખા જણાવવામાં આવી અને એ સાથે રજુ કરાયો Retro Bolywood નામનો અનોખો કાર્યક્રમ અને જેને નિહાળીને સર્વે જ્ઞાતિજનો પ્રસન્નચિત થઇ રહ્યા Retro Bolywood કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકાર રહ્યા હર્ષ ભાવિક કાપડિયા-મીરારોડ, મયૂર કમલ કાપડિયા - મીરારોડ, દેવાંગ કિરીટભાઇ ગાંધી-મીરારોડ, જીતેન્દ્ર ઉમેશભાઇ મિસ્ત્રી-વિરાર, વૈભવ વિમલ મિસ્ત્રી-મીરારોડ, નયન નવિનભાઇ મિસ્ત્રી-મીરારોડ, વત્સલ રશ્મીન મિસ્ત્રી-મીરારોડ, વૈશાખી કુમારેશ મિસ્ત્રી-મીરારોડ, શ્રધ્ધા વિમલ મિસ્ત્રી-મીરારોડ, ભાગ્યશ્રી મુકુલભાઇ મિસ્ત્રી-અંધેરી, કાજલ જીતેન્દ્ર મિસ્ત્રી-વિરાર, પલક કલ્પેશ મિસ્ત્રી-મીરારોડ, ડિમ્પલ હિરલ મિસ્ત્રી-અંધેરી, ખ્યાતિ નિલેશ મિસ્ત્રી-દહીસર.

અનોખા Retro Bolywoodના Performance બાદ કુ. કશ્વી રાહુલ મિસ્ત્રીએ મંચ ઉપર હાજર રહી હાસ્ય વિનોદિકાની ભૂમિકા ભજવી અને હાસ્ય અભિનય અને મીમીક્રી કરીને સહુને ખુશખુશાલ કર્યા. એ પછી પંચોલી ગાથાના અન્ય શેષ ભાગમાં ફરીથી હર્ષ કાપડિયા, ઇશિકા મિસ્ત્રી તેમજ ભાગ્ય ગાંધી દ્વારા રજુ કરાયો જેમાં તેઓએ ૧૯૮૦ થી ૨૦૦૦ના દાયકા દરમ્યાન થયેલ સમાજ કલ્યાણ, સમાજ પરિવર્તન, વસ્તીપત્રક નિર્માણ, નિભાવફંડની સ્થાપ્ના. ટેલીફોન

ડિરેકટરીનું વિમોચન, શૈક્ષણિક સહાય ફંડ વગેરે વગેરે મુંબઇ એકમ દ્વારા પૂર્ણ કરાયેલ કાર્યો અને અમૂલ્ય નિર્ણયોનું સુંદર રીતે નાટય રૂપી ભાષાંતર કરાયું. સાથે સુવર્ણ વર્ષ દરમ્યાન યોજાયેલ 'વર્ણમ' કાર્યક્રમનો ઉલ્લેખ કરાયો. અને ઉલ્લેખનીય છે કે ડિજીટલ સ્ક્રીનના માધ્યમથી દર્શકો શ્રી પં.સૌ.સ. મુંબઇની સુવર્ણ જયંતિ ૫૦ વર્ષ પૂર્ણ કરેલની ગાથા સવિસ્તારથી નિહાળી શકયા. અને અવિસ્મરણિય જુની યાદોમાં મુગ્ધ થઇ રહ્યા અને તાળીઓના ગડગડાટથી સાહિત્ય ખંડ ગુંજી રહ્યો.

ત્યારબાદ ફરી શરૂ કરાયો **પંચોલી યુગાંતરનો વિશેષ** ખિતાબથી સન્માનિત કરવાનો અન્ય ભાગ.. જેમાં શ્રી વિશાલ કાપડિયા દ્વારા શ્રીમાન **શ્રી રાજેન્દ્રભાઇ** ચુનીલાલ પંચોલી દ્વારા સમાજને અર્પેલ સેવા વિષે માહિતી આપવામાં આવી. જેઓને પંચોલી યુગાંતરની ખિતાબથી બિરદાવવામાં આવ્યા. પરંતુ પંચોલી **યુગાંતર શ્રીમાન શ્રી રાજેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી** કે જેઓના પરિવારમાં લગ્ન પ્રસંગ હોવાથી જેઓએ પ્રમુખશ્રીની પરવાનગી સહ કાર્યક્રમમાંથી રજા લીધી અને જેઓનો ખિતાબ તેઓના નિવાસ સ્થાને જઇ અર્પણ કરાશે જેવી માહિતી દર્શાવવામાં આવી.



શ્રી પં.સૌ.સ. મુંબઇના માજી પ્રમુખ, માજી ઉપપ્રમુખ તેમજ જેઓશ્રીનો પ્રભાવ, અમૃતવાણી પ્રવચનો અને વર્ચસ્વ થકી જેઓએ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇનો પાયો મજબૂત રીતે ઘડી સંસ્થાનું સ્થાન ઉચ્ચ સ્થાન પર અંકિત કરનાર ડૉ. શ્રી ભૂપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલીને મંચ ઉપર આમંત્રિત કરાયા. અને જેઓનો બહુમૂલ્ય પરિચય તેમજ જેઓશ્રી દ્વારા સંસ્થાને અપાયેલ સેવાની કાર્યશૈલી, મંત્રીશ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી દ્વારા વર્ણવવામાં આવી અને જેઓને આજરોજના અધ્યક્ષશ્રી ભાવિકભાઇ મોહનલાલ કાપડિયા, પ્રમુખશ્રી રાહુલભાઇ, ઉપપ્રમુખશ્રી વિશાલભાઇ તેમન મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી આ સર્વેના વરદ હસ્તે પંચોલી યુગાંતરના ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા. અને **પંચોલી યુગાંતર ડૉ. શ્રી ભૂપેન્દ્રભાઇ પંચોલી**એ તમામ કારોબારી સભ્યોને અભિવાદન આપી તેઓ થકી યોજાયેલ કાર્યોને યાદ કરી સરાહના કરી. અંતમાં પંચોલી યુગાંતર શ્રી ભૂપેન્દ્રભાઇ પંચોલીને તમામ પ્રેક્ષકગણ દ્વારા સ્ટેન્ડીંગ ઓવેશનથી બિરદાવવામાં આવ્યા અને જેઓએ રૂપિયા ૫,૫૫૫ શ્રી પં.સૌ.સ. મુંબઇને ભેટ તરીકે આપ્યા.



પ્રવિણચંદ્ર છગનલાલ લાઇટવાલાને મંચ ઉપર આમંત્રિત કરાયા અને શ્ર વિશાલભાઇ દ્વારા જેઓના અકબંધ ૨૩ વર્ષના સામાજિક કાર્યોનો ઉલ્લેખ કરાયો. અને આજરોજના અધ્યક્ષશ્રી ભાવિકભાઇ કાપડિયા, પ્રમુખશ્રી રાહુલભાઇ, ઉપપ્રમુખશ્રી વિશાલભાઇ, તથા મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી આ સર્વેના વરદ હસ્તે પંચોલી યુગાંતરના ખિતાબથી સન્માનિત કરાયા. જે સાથે **પંચોલી યુગાંતર શ્રીમાન શ્રી પ્રવિણચંદ્ર છગનલાલ લાઇટવાલા**એ રૂા. ૩,૫૦૦ શ્રી પં.સૌ.સ. મુંબઇને ભેટ આપ્યા.



શ્રી પં.સૌ.સ. મુંબઇ માજી પ્રમુખ, માજી ઉપપ્રમુખ, માજી મંત્રીના સ્થાન ઉપર સશોભિત રહી સમાજના કાર્યને તેમજ સમાજને છેલ્લા ૩૨ વર્ષથી ઉન્નતિના માર્ગદર્શાવનાર તેમજ શ્રી પં.સૌ.સ. મહામંડળમાં છેલ્લા ૫ વર્ષથી ઉપપ્રમુખ સ્થાને બિરાજમાન રહી સમગ્ર સમાજનો પાયો મજબૂત ઘડનાર શ્રીમાન શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલીને મચ પર આમંત્રિત કરાયા. જેઓનો સવિસ્તાર પરિચય તેમજ જેઓની સમાજને અપાયેલ અમૂલ્ય સેવાનો ઉલ્લેખ શ્રી પરાગ મિસ્ત્રી દ્વારા ઉલ્લેખાયો જેઓને અધ્યશ્રી ભાવિકભાઇ કાપડિયા, પ્રમુખશ્રી રાહુલભાઇ



મિસ્ત્રી, ઉપપ્રમુખ શ્રી વિશાલકાપડિયા મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી આ સર્વેના વરદ હસ્તે પંચોલી યુગાંતરના ખિતાબથી સન્માનિત કરાયા. **પંચોલી યુગાંતર શ્રીમાન મુકેશભાઈ પંચોલી** દ્વારા સમગ્ર શ્રી પં.સૌ.સ. મુંબઈની કારોબરીનો ઉલ્લેખ કરી આશિષ વચનો અપાયા. જે સાથે જ જેઓને પ્રાપ્ત થયેલ પંચોલી યુગાંતર તેમના સ્વર્ગવાસી પિતા સમાજરત્ન સ્વ. શ્રી પરમાનંદભાઇ રામજીભાઇ પંચોલી તથા તેઓના પરિવારજનોને સમર્પિત કર્યુ.

અને એ પછી ફરી એકવાર રજુ કરાયો અમૃતગાથાનો વધુ એક ભાગ જેમાં ફરી એકવાર હર્ષ કાપડિયા, ઇશિકા મિસ્ત્રી, ભાગ્ય ગાંધી દ્વારા પંચોલી ગાથા સરસ હાવભાવ તથા નાટય રૂપાંતર સાથે ભજવાઇ જેમાં ૧૯૯૫માં સ્થાપિત થયેલ યુવામંચ આવિસ્કાર ગ્રુપની ઘટના દર્શાવાય, યુવા મંચ આવિસ્કાર ગ્રુપ મુંબઇ દ્વારા શરૂ કરાયેલ વિવિધ નિતનવા કાર્યક્રમો જેવા કે પિકનિક, મેડિકલ કેમ્પ, બૉટ પાર્ટી, બ્લડ ડોનેશન કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમો જેમાં ફેશન શૉ, લોકગીત, નાટક, દેશભકિત નૃત્ય વગેરેનો સવિસ્તાર ઉલ્લેખ કરાયો. જેથી સાહિત્ય ખંડમાં હાજર જેતે વખતની યુવા પેઢી હર્ષ અને ઉલ્લાસથી ઉત્સાહિત થઇ રહ્યા અને જે સાથે અમૃત દિપોત્સવી રસોત્સવ ૨૦૧૯ના કાર્યક્રમમાં ભજવાયો. ટ્રેડિશનલ ફેશન શૉ જેને નિહાળીને સર્વે પ્રેક્ષક ગણ ચકાચૌંધ થઇ રહ્યા અને સાહિત્ય ખંડ તાળીઓના ગડગડાટથી ગુંજી રહ્યો. આ ટ્રેડીશનલ ફેશન શૉ માં ભાગ લેનાર કલાકારો રહ્યા. શ્રીમતિ લીના અને શ્રી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી-મીરારોડ, કુ. કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ, શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા-મીરારોડ, શ્રીમતિ ડિમ્પલ અને શ્રી હિરલભાઇ સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી, શ્રીમતિ સોનલ અને શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ શ્રીમતિ ફોરમ અને શ્રી દેવાંગ કિરીટભાઇ ગાંધી - મીરારોડ શ્રીમતિ પલ્લવી અને શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ શ્રીમતિ ડિમ્પલ અને શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી -મીરારોડ

ડિજીટલ સ્ક્રીનના માધ્યમથી શ્રી પં.સૌ.સ. મુંબઇ દ્વારા ૧૯૯૮ થી ૨૦૧૫ દરમ્યાન અમૂલ્ય નિર્ણયો તેમજ ઘટનાની રૂપરેખા દર્શાવવામાં આવી. જેમાં શ્રી પં.સૌ.સ. મુંબઇના ઇતિહાસમાં લેવાયેલ પ્રથમ ઓફિસ સુવર્ણધામનો ઉલ્લેખ, લીલાવતી છગનલાલ મેમોરીયલ ફંડની સ્થાપનાનો ઉલ્લેખ, તેમજ શ્રી પં.સૌ.સ. મુંબઇના ઇતિહાસમાં સૌ પ્રથમવાર યોજાયેલ બહુચર્ચિત મુંબઇ સ્થિત અધિવેશનની વિશેષ ઝલક તથા વિવિધ છબીઓનો ડિજીટલ સ્ક્રિનના માધ્યમથી પ્રકાશન. જેવી માજી કાર્યકર્તાઓની જુની યાદો ફરી એકવાર તાજી થઇ અને જેઓના આનંદ અને સંતોષનો પાર ન રહ્યો. એ પછી યોજાયો મુંબઇના કલાકારો દ્વારા દેશભકિત ગીત જેની પ્રસન્નતા તેમજ સરાહના તમામ પ્રેક્ષક ગણે કરી ને તાળીઓના ગડગડાટથી કલાકારોને વધાવી લીધા. દેશ ભકિત કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકાર રહ્યા...કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ, ઇશિકા રાહુલ મિસ્ત્રી - મીરારોડ, કસક રાકેશ મિસ્ત્રી -મીરારોડ, લવીના પરાગ મિસ્ત્રી-મુંબઇ, રોહન રાકેશ મિસ્ત્રી-મીરારોડ, નિકી જીતેન્દ્ર મિસ્ત્રી-વિરાર, દેવાંશી સંદિપ મિસ્ત્રી-અંધેરી, ભાગ્ય દેવાંગ ગાંધી-મીરારોડ, હર્ષિતા હિરલ મિસ્ત્રી-અંધેરી, ધ્રુવ કમલેશ પંચોલી-મુંબઇ, ધ્રુવી કમલેશ પંચોલી-મુંબઇ, દેવાંગ કિરીટભાઇ ગાંધી-મીરારોડ, વૈભવ વિમલ મિસ્ત્રી-મીરારોડ, મયુર કમલ મિસ્ત્રી-મીરારોડ, વત્સલ રશ્મીન મિસ્ત્રી-મીરારોડ


એ પછી ફરી એકવાર રજુ કરાયુ પંચોલી યુગાંતર ના ખિતાબથી સન્માનિત કરવાનો અંતિમ ભાગ જેમાં મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી દ્વારા શ્રીમાન શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રીને મંચ ઉપર આમંત્રિત કરાયા. જેઓશ્રી દ્વારા સંસ્થાને અપાયેલ નિઃસ્વાર્થ સેવાનો ઉલ્લેખ કરાયો અને જેઓને અધ્યક્ષશ્રી વિપુલભાઇ જયંતિલાલ મિસ્ત્રી, પ્રમુખશ્રી



રાહુલભાઇ મિસ્ત્રી, ઉપપ્રમુખ વિશાલભાઇ, મંત્રી શ્રી પરાગભાઇ આ સર્વેના વરદ હસ્તે પંચોલી યુગાંતરના ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા. અને **પંચોલી**

**યુગાંતર શ્રીમાનશ્રી જીતેન્દ્રભાઈ ગોવિંદદાસ મિસ્ત્રી**એ ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનો તથા હાલની તમામ કારોબારી સભ્યનો આભાર વ્યકત કર્યો અને રૂા. ૩૫૦૦ ભેટ તરીકે આપ્યા.

ત્યારબાદ શાંત, સરલ, હસમુખો સ્વભાવ ધરાવના **શ્રી જયંતિલાલ મંગુભાઈ મિસ્ત્રી**ને મંચ ઉપર આમંત્રિત કરાયા અને શ્રી વિશાલ કાપડિયા દ્વારા જેઓ શ્રીની શ્રી પં.સૌ.સ. મુંબઈને સતત ૨૪ વર્ષથી અપાયેલ **નિઃસ્વાર્થ અમૂલ્ય સેવાનું** વર્ણન **કરવામાં આવ્યું. અને** જેઓને **આજરોજના અધ્યક્ષશ્રી** વિપુલભાઇ **મિસ્ત્રી, પ્રમુખશ્રી** રાહુલભાઇ **મિસ્ત્રી, ઉપપ્રમુખ શ્રી** વિશાલભાઇ **કાપડિયા, મંત્રીશ્રી** પરાગભાઈના વરદ હસ્તે **પંચોલી યુગાંતરશ્રી** જયંતિલાલ મંગુભાઇ મિસ્ત્રીના **ખિતાબથી સન્માનિત** કરાયા.



શ્રી પં.સૌ.સ. મુંબઈને છેલ્લા **સતત ૨૮ વર્ષથી નિઃશુલ્ક** Honorary Auditor તરીકેની **સેવા પ્રદાન કરનાર** તેમજ શ્રી પં.સૌ.સ. મુંબઈમાં એક માત્ર ઓડિટર **તરીકે ની** જેમની ગણના થાય છે જેવા શ્રી કિરણભાઇ મણીભાઇ **પંચોલીને** મંચ ઉપર **આમંત્રિત કરાયા અને** મંત્રીશ્રી **દ્વારા જેમનો** પરિચય વર્ણવાયો. **આજરોજના અધ્યક્ષ** શ્રી વિપુલભાલ મિસ્ત્રી, પ્રમુખ રાહુલ મિસ્ત્રી, ઉપપ્રમુખ વિશાલ કાપડિયા, મંત્રી પરાગ મિસ્ત્રી આ સર્વેના વરદ હસ્તે જેઓને શ્રી પંચોલી યુગાંતરના ખિતાબથી સન્માનિત કરાયા અને શ્રી પંચોલી **યુગાંતર શ્રીમાન શ્રી કિરણભાઈ પંચોલી** દ્વારા જ્ઞાતિજનોનું સ્વાગત અને કારોબારી સમિતિનો આભાર વ્યકત કરાયો.



શ્રી પં.સૌ.સ. મુંબઈમાં છેલ્લા ૨૯ વર્ષથી વિવિધ સ્થાને કારોબારી સભ્યો, મંત્રી, સહમંત્રી, પ્રમુખ, ઉપપ્રમુખ, ખજાનચી આમ અલગ અલગ દરેક હોદ્દાઓમાં સુશોભિત રહી શ્રી પં.સૌ.સ. મુંબઈના કાર્યને પ્રગતિ તેમજ ઉન્નતિના પંથે દોરનાર તેમજ છેલ્લા ૭૫ વર્ષથી એટલે કે સમાજની રચના થઇ એ રોજથી આ રોજ સુધી જેઓના કુટુંબ તથા તેઓના સહકાર થકી પોતાના નિવાસ સ્થાન તથા દુકાનને પંચોલી કાર્યાલય તરીકે ઉપયોગમાં આપી તેમજ તેમના પરિવાર અને કુટુંબ દ્વારા વાર તહેવારે મળેલ **અમૂલ્ય દાનના** પ્રવાહરૂપે આપી દાનવીરોની **યાદીમાં ઉચ્ચ સ્થાન** પ્રાપ્ત કરનાર શ્રી ભાવિકભાઇ **મોહનભાઇ** કાપડિયાને મંચ ઉપર આમંત્રિત કરાયા **અને જેઓનો સવિસ્તાર** પરિચય આપી તથા તેઓ **દ્વારા** અપાયેલ **સેવારૂપી** કાર્યોનો ઉલ્લેખ શ્રી **વિશાલભાઇ દ્વારા કરાયો.** જે સાથે જ આજ રોજના **અધ્યક્ષ, પ્રમુખ, ઉપપ્રમુખ** તથા મંત્રી આ સર્વેના વરદ હસ્તે જેઓને **પંચોલી યુગાંતર**ના ખિતાબથી સન્માનિત કરાયા. અને **પંચોલી યુગાંતર શ્રીમાન શ્રી ભાવિકભાઈ કાપડિયા**એ સમગ્ર જ્ઞાતિજનો તથા તમામ **કારોબારીના** કાર્યોને પ્રોત્સાહિત કરી આશીષ **વચનો આપ્યા.**



**આ પ્રમાણે** ઉપરોકત દર્શાવેલ તમામ ૧૨ વિશેષ **સભ્યોને જેઓની વિશિષ્ટ** કાર્યશૈલી તેમજ નિઃસ્વાર્થ **ઉત્કૃષ્ટ સેવા અર્થે પંચોલી** યુગાંતરના ખિતાબથી **સન્માનિત કરાયા. અને** ઉલ્લેખનિય છે કે આ તમામ **સભ્યોનો** હવે પછી **પંચોલી** યુગાંતર તરીકે ઉચ્ચાર અને સંબોધન થશે. અને **શ્રી જીતેન્દ્રભાઈ મિસ્ત્રીનો સમાજ રત્ન અને પંચોલી યુગાંતર શ્રી જીતેન્દ્રભાઈ નગીનદાસ મિસ્ત્રી અને માનનીય હસુમતીબેનને નારીરત્ન પંચોલી યુગાંતર હસુમતીબેન ડાહ્યાભાઈ મિસ્ત્રીનો ઉચ્ચાર તથા સંબોધન થશે.** વધુમાં આ તમામ પંચોલી યુગાંતરના સન્માન દરમ્યાન તેઓના નામ સન્માન પત્ર તથા તેઓની છબી ડિજીટલ સ્ક્રીન દ્વારા પ્રદર્શિત કરવામાં આવી હતી તે ખૂબ જ પ્રસંશનીય કાર્ય રહ્યું

એ પછી કુમારી યુકતા મિનેષ મિસ્ત્રી દ્વારા જેમની

માતાશ્રી શ્રીમતિ જીજ્ઞાશા મિનેષ મિસ્ત્રી દ્વારા શ્રી પં.સે.સ. મુંબઇ ના ૭૫ વર્ષને અનુલક્ષીને રચાયેલ સુંદર કાવ્યરચનાનું સુંદર હાવભાવ સહ રજુઆત કરાય

ત્યારબાદ યોજાયો શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇનો અમૃત દિપોત્સવી રસોત્સવ કાર્યક્રમનો શેષ ભાગ જેમાં શ્રીમતિ દિપ્તીબેન પ્રકાશભાઇ પંચોલી શ્રી કુંતલ પ્રફુલ પંચોલી, શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા અને યુવા સ્ટારશ્રી યુવરાજ દિવ્યકાંત મિસ્ત્રી દ્વારા મધુર કરાઓકેનો કાર્યક્રમ રજુ કરાયો. અને જેઓના સુમધુર સ્વર સાહિત્ય ખંડમાં ગુંજી રહ્યા. એ પછી પ્રસ્તુત થયો વેસ્ટર્ન ફેશન શો. અને ફરી એકવાર પ્રેક્ષકગણ વેસ્ટર્ન ફેશન શો જોઇને ચકાચૌંધ થઇ ગયો અને તાળીઓના ગડગડાટથી સાહિત્ય ખંડ ગુંજી રહ્યો.

ત્યારબાદ પ્રસ્તુત કરાયો અનોખો ફાયનલ ફિનાલે સોંગ જેને નિહાળી પ્રેક્ષકગણ ખુશખુશાલ થઇ રહ્યા. ફિનાલે સોંગના અંતમાં તમામ કલાકારોએ પ્રેક્ષકગણમાં જઇ ડાન્સ પરફોર્મન્સ બતાવ્યું જેથી સમગ્ર પ્રેક્ષક ગણ અચરજ પામી મોહી રહ્યા અને સાથે સાથે કલાકારોના તાલે ઝુમી રહ્યા.

અંતમાં આ તમામ કાર્યક્રમ જેમકે ગણેશ વંદના, ગરબો, રેટરો બોલીવુડ, પ્રેટ્રોટીક સોંગ, દેશભકિત ગીત બન્ને પ્રકારના ફેશન શો, ફાયનલ ફિનાલે સર્વે કાર્યક્રમજે સુંદર રીતે કોરીયોગ્રાફ કરનાર નિર્દેશકશ્રી પ્રતિકભાઇ દોષી અને તેજશભાઇનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કરાયું. ઉપરોકત વેસ્ટર્ન ફેશન શો તેમજ ફિનાલે સોંગમાં ભાગ લેનાર કલાકાર રહ્યા

ભાગ્ય દેવાંગ ગાંધી-મીરારોડ, ઈશિકા રાહુલ મિસ્ત્રી -મીરારોડ, દેવાંશી સંદિપ મિસ્ત્રી-અંધેરી, લવીના પરાગ મિસ્ત્રી-મુંબઇ, કશક રાકેશ મિસ્ત્રી-મીરારોડ, નિકી જીતેન્દ્ર મિસ્ત્રી-વિરાર, ધ્રુવ કમલેશ પંચોલી-મુંબઇ, ધ્રુવી કમલેશ પંચોલી મુંબઇ, રોહન રાકેશ મિસ્ત્રી -મીરારોડ, જૈવિક હેમલ મિસ્ત્રી-વિરાર, હર્ષ ભાવિક કાપડિયા-મીરારોડ, વૈશાખી કુમારેશ મિસ્ત્રી-મીરારોડ, વત્સલ રશ્મીન મિસ્ત્રી-મીરારોડ, કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ, વૈભવ વિમલ મિસ્ત્રી મીરારોડ, પલક કલ્પેશ મિસ્ત્રી-મીરારોડ, મયુર કમલ કાપડિયા મીરારોડ, શ્રધ્ધા વિમલ કાપડિયા - મીરારોડ, જશ સંજય મિસ્ત્રી-મીરારોડ, ભાગ્યશ્રી મુકુલભાઇ મિસ્ત્રી -અંધેરી, રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી-મીરારોડ, લીના રાહુલ મિસ્ત્રી-મીરારોડ, વિશાલ કમલ કાપડિયા -મીરારોડ, પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી, સોનલ પરાગ મિસ્ત્રી-મુંબઇ, રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ, પલ્લવી રાકેશ મિસ્ત્રી- મીરારોડ, હિરલ સુરેશભાઇ મિસ્ત્રી -અંધેરી, ડિમ્પલ હિરલ મિસ્ત્રી-અંધેરી, નયન નવિનભાઇ મિસ્ત્રી-મીરારોડ, ડિમ્પલ નયન મિસ્ત્રી -મીરારોડ, નિલેશભાઇ ગણપતરામ મિસ્ત્રી-દહીસર, ખ્યાતિ નિલેશ મિસ્ત્રી-દહીસર, જીતેન્દ્ર ઉમેશભાઇ મિસ્ત્રી-વિરાર, કાજલ જીતેન્દ્ર મિસ્ત્રી-વિરાર, રાકેશ રમેશભાઇ મિસ્ત્રી-મીરારોડ, જાગૃતિ રાકેશ મિસ્ત્રી-મીરારોડ,

અંતમાં મંત્રીશ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી દ્વારા અમૃત દિપોત્સવી રસોત્સવ ૨૦૧૯ના અમૃત કાર્યક્રમમાં ભાગ લેનાર તથા સહભાગી થવા બદલ તેમજ અમૂલ્ય સમય જાળવી સમયસર હાજર રહી તન-મન અને ધનથી અમૃત ફાળો નોંધાવવા બદલ અમૃત પ્રસંગને ઉજ્જવલ બનાવવા બદલ સર્વે જ્ઞાતિજનોના આજરોજના તમામ અધ્યક્ષોના અને શ્રી પં.સે.સ. મુંબઇ અને તેની તમામ સંલગ્ન સંસ્થાઓના કારોબારી સભ્યોનો આભાર વ્યકત કરાયો.

એ પછી સર્વે જ્ઞાતિજનો સ્વરૂચિ રાત્રિ ભોજન અખરોટ હલવો, મારવાડી ફુલકા, બે પ્રકારના શાક, ચીઝ પાલક કોફતા, પીઝા ધુધરા, ઢોકળા ચાટ, જીરારાઇસ, દાલ તડકા અને સ્વાદિષ્ટ કુલ્ફીનો ચશ્કો અને આનંદ માણી રહ્યા. અને ભવિષ્યમાં પણ આજ પ્રમાણેના અદભૂત કાર્યક્રમ માણવાની આશા સહ હર્ષ, આનંદ ખુશી અને ઉલ્લાસથી સહુએ રજા લીધી.

**શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ અમો આભારી છીએ....**

કોન્સેપ્ટ : ફોરમ ગાંધી, રાહુલ મિસ્ત્રી, વિશાલ કાપડિયા, પરાગ મિસ્ત્રી

ગીત-કોરીયોગ્રાફી : પ્રતિક દોશી
સ્ક્રીપ-ડાયલોગ અને સ્પીચ : ફોરમ ગાંધી, જયદીપ ઝવેરી, પરાગ મિસ્ત્રી
વિડીયો એડીટીંગ, પ્રેઝન્ટેશન અને સ્ક્રીન પ્રોજેક્શન : વિશાલ કાપડિયા
બેક સ્ટેજ પ્રોજેકશન વર્ક : હિરલ મિસ્ત્રી, રાકેશ મિસ્ત્રી, કમલેશ પંચોલી
બેક સ્ટેજ હેલ્પ : સોનલ પી. મિસ્ત્રી, સોનલ એસ. મિસ્ત્રી, પ્રભા મિસ્ત્રી, પલ્લવી મિસ્ત્રી
ઓરગેનાઇઝ ઓલ પ્રેકટીશ સેશન : રાહુલ મિસ્ત્રી અને પરિવાર
કોસ્ચ્યુમ સીલેકશન એન્ડ કલેકશન : ફોરમ ગાંધી, લીના મિસ્ત્રી, સોનલ પી. મિસ્ત્રી ડિમ્પલ એચ. મિસ્ત્રી
ફોટોગ્રાફી એન્ડ વિડિયો શૂટીંગ : દિપક વોરા
સ્પે. થેંકસ ઓફ પરાગ-રાકેશ મિસ્ત્રી ઓડીટોરીયમ બુકીંગ, મોમેન્ટો સીલેકશન, પ્રીપરેશન વર્ક એન્ડ મિટિંગ સેશન
સ્પે થેંકસ ટુ શ્રીમતિ પ્રભા રશ્મીન મિસ્ત્રી, ફોર પ્રીપેરીંગ સ્પે. ઇકોફ્રેકલી પુષ્પગુચ્છ
શ્રી કુમારેશ જયંતિલાલ મિસ્ત્રી હેલ્પીંગ ઇન ઇનક્રેઇઝડ ફંડ ઓફ અમૃત કુંભ
એંકરીંગ : પરાગ મિસ્ત્રી, વિશાલ કાપડિયા, ફોરમ ગાંધી, મયુર કાપડિયા
આભારી છીએ આજના અધ્યક્ષશ્રીઓના
શ્રીમતિ ઇન્દિરાબેન અને શ્રી રાજેન્દ્રભાઇ જેડીશનદાસ મિસ્ત્રી
ભાવિકભાઇ મોહનલાલ કાપડિયા
શ્રીમતિ ડો. દક્ષા અને શ્રી વિપુલભાઇ જયંતિલાલ મિસ્ત્રી
આભારી છીએ દરેક કમિટિ મેમ્બર્સોના અને ઓડીયન્સોના
લાસ્ટ બટ નોટ ધી લીસ્ટ દરેક પાર્ટીસીપેટસનોના

**અમૃત દિપોત્સવી રસોત્સવમાં મળેલ ભેટ**

૨૫,૦૦૦ શ્રીમતિ ઇન્દિરાબેન અને શ્રી રાજેન્દ્રભાઇ જેડીશનદાસ મિસ્ત્રી-સુરત ૧૫,૦૦૦/અમૃત મહોત્સવ ફંડ તથા ૧૦,૦૦૦ અધ્યક્ષ સ્થાનેથી..
૩૬,૦૦૦ શ્રીમતિ ડો. દક્ષા અને શ્રી વિપુલ જયંતિલાલ મિસ્ત્રી-શાંતાક્રુઝ ૨૫,૦૦૦ અમૃત મહોત્સવ અને ૧૧,૦૦૦ અધ્યક્ષ સ્થાનેથી..

**૫૦મી એરેજ એનિવર્સરી નિમિતે.**

૨,૨૨૨ શ્રીમતિ કલાવતી અને નવિનચંદ્ર લલ્લુભાઇ મિસ્ત્રી-
૨,૨૨૨ શ્રીમતિ ચંદ્રિકાબેન અને શ્રી નવિનચંદ્ર લલ્લુભાઇ મિસ્ત્રી
૫૦૧ શ્રીમતિ શારદાબેન અને શ્રી રજનીકાંત હરગોવિંદદાસ મિસ્ત્રી
૨,૫૦૦ પંચોલી યુગાંતર શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી-મુંબઇ
૪,૪૪૪ પંચોલી યુગાંતર શ્રી નવિનચંદ્ર લલ્લુભાઇ મિસ્ત્રી-મુંબઇ
૫,૦૦૦ નારીરત્ન-પંચોલી યુગાંતર હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી
૫,૫૫૫ પંચોલી યુગાંતર ડો. શ્રી ભુપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી-મઝગાવ
૩,૫૦૦ પંચોલી યુગાંતર શ્રી પ્રવિણચંદ્ર છગનલાલ લાઇટવાલા-મુંબઇ
૩,૫૦૦ પંચોલી યુગાંતર શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ
૧,૧૧૧ પંચોલી યુગાંતર શ્રી રાજેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી-મુંબઇ

**અમૃત મહોત્સવ ફંડ**

૫,૦૦૦ શ્રીમતિ દિવ્યાબેન જયંતિલાલ મિસ્ત્રી -મીરારોડ
૧૧,૧૧૧ શ્રીમતિ પલ્લવી દિપકભાઇ મણીલાલ પંચોલી-શાંતાક્રુઝ
૧૦,૦૦૦ શ્રીમતિ મનિષાબેન ભાવિકભાઇ કાપડિયા -મીરોડ
૧૫,૦૦૦ શ્રી ભાવિકભાઇ મોહનલાલ કાપડિયા -મીરારોડ

**શૈક્ષણિક સહાય**

૫,૫૫૫ શ્રી કિરણ જયંતિલાલ મિસ્ત્રી-નવસારી
૨,૦૦૧ કુમાર હેમ કૌશલ પ્રમોદભાઇ મિસ્ત્રી -ગોરેગાવ

૧,૫૦૦ કુમાર ચિત્રાંગ મયંક ઠાકોરલાલ મિસ્ત્રી -ગોરેગાવ
૩૦૦ કુ. કદીશા ગૌરવ મિસ્ત્રી-ગોરેગાવ

**ગેસ્ટ ફી**

૧,૨૦૦ ભાવનાબેન જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ
૧,૨૦૦ સંજયભાઇ નયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ
૯૦૦ ભાવેશ ચીમનલાલ મિસ્ત્રી-અંધેરી
૯૦૦ તુષાર મહેશભાઇ મિસ્ત્રી-નવી મુંબઇ
૯૦૦ જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર
૬૦૦ નયન નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ
૬૦૦ કિશોરભાઇ નારણદાસ મિસ્ત્રી-બીલીમોરા
૬૦૦ યોગેશ હરગોવિંદદાસ મિસ્ત્રી-કાંદીવલી
૬૦૦ આરતીબેન કિશોરભાઇ મિસ્ત્રી-મીરારોડ ગેસ્ટ ભાવનાબેન અજીતભાઇ મોદી -બોરીવલી
૬૦૦ નારીરત્ન પંચોલી યુગાંતર માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી
૩૦૦ દિપક નગીનદાસ મહેતા-ખોતાચીવાડી
૩૦૦ ગિરીશભાઇ ઠાકોરલાલ પંચોલી-નવસારી
૩૦૦ સાગર મનિષભાઇ પંચોલી-મુંબઇ
૩૦૦ ઠાકોરલાલ આત્મારામ મિસ્ત્રી-કાંદીવલી
૫૦૧ શ્રી જયંતિભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી -સ્વાગતગીત ભેટ

**અમૃત દિપોત્સવી ભેટ**

૧,૧૦૧ શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર
૧,૦૦૧ અમૃતલાલ કલ્યાણજી મિસ્ત્રી-સુરત
૧૦૧ નયન નવિનભાઇ મિસ્ત્રી

# અભિનંદન



વડોદરા નિવાસી ડો. માર્ગી દિપકકુમાર પંચોલીએ Ral Univercity દ્વારા Phd. ની ડિગ્રી Development and Try-out an activity package to enhance communication skills among the students of Higher Secondary Level વિષય પર મેળવી છે...

આ ડિગ્રી પ્રાપ્ત કરી કુટુંબીજનો તથા સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.... અભિનંદન.... સહ ઉત્તરોત્તર પ્રગતિ માટેની હાર્દિક શુભકામનાઓ..

## ટૂંકી વાર્તા

એકભાઇ ઓફિસમાં ગળાડુબ રહેતા હતા. વહેલી સવારે ઓફિસે જતા રહે અને છેક મોડી સાંજે ઓફિસથી પરત આવે.. એક દિવસ આ ભાઇ કોઇ કારણસર ઘરે વહેલા આવેલા જોઇને એના ૮ વર્ષના પુત્રને આશ્ચર્ય થયું.

પિતાએ પુત્રને પુછયું 'પપ્પા તમે આટલું કામ કરો છો તો તમારી કંપની તમને શું પગાર આપે છે? પેલા ભાઇએ જવાબ આપ્યો કે બેટા મને કલાક પર પગાર મળે છે. હું એક કલાક કામ કરું એટલે મને ૫૦૦ રૂા. મળે છે. પુત્રએ પિતાને કહ્યું 'પાપા મને ૩૦૦ રૂા. આપો.. રૂપિયા આપવાની વાત દુર રહી પણ ગાલ પર નાનો તમાચો મળ્યો. થોડા સમય પછી વિચાર આવ્યો આજે આટલી રકમ કેમ માંગી હશે ? એ પુત્ર પાસે ગયા અને વ્હાલથી પાકીટમાંથી ૩૦૦ રૂા. કાઢીને આપ્યા. અને પૂછયું તારે આ પૈસાનું શું કરવું છે ? છોકરાએ પોતાના ગલ્લામાંથી ખોબો ભરીને પરચુરણ કાઢયું અને તેમાં પિતાએ આપેલ રૂા. ૩૦૦ ઉમેર્યા.

ખોબો પિતાની સામે ધરીને બોલ્યા મારી ગલ્લા પેટીના બસો રૂપિયા અને આ તમે આપેલા ૩૦૦ રૂા. મળીને ૫૦૦ રૂપિયા થયા. તો એક કલાકના આ ૫૦૦રૂા. તમને આપું છું મારી સાથે એક કલાક બેસો અને વાતો કરો...

સંતાનને માત્ર સુવિધાઓ નહી સમય અને પ્રેમની જરૂર છે.. રૂપિયા કમાવાની આ દોડમાં કંઇક એવુ ન ગુમાવી બેસીએ કે કમાયેલા રૂપિયા ખર્ચવા છતા પણ પેલું ગુમાવેલું પાછુ ન મળે....બાળક પ્રેમનું ભુખ્યુ છે....

# સંસ્થા સમાચાર

### શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ-નવસારી





શ્રી પંચોલી જ્ઞાતિ પંચ નવસારી આયોજિત સ્વ. છગનલાલ ઘેલાભાઇ મિસ્ત્રી સ્મૃતિમાં ગાયત્રી યજ્ઞ, સામાન્ય સભા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. ૧૩.૧૦.૨૦૧૯ને રવિવારના રોજ શ્રી મોઢ ઘાંચી પંચની વાડીમાં રાખવામાં આવી હતી. બપોરે ૩.૩૦ કલાકે ગાયત્રી યજ્ઞ શરૂ કરવામાં આવ્યો હતો જેમાં યજમાન તરીકે શ્રીમતિ ઉષાબેન તથા ગિરીષભાઇ ટી. પંચોલી, શ્રીમતિ ઉષાબેન અને શ્રી જયંતિભાઇ સી. પંચોલી, શ્રીમતિ હેમલતાબેન અને કૌશિકભાઇ પી. પંચોલી

યજ્ઞની પૂર્ણાહુતિ બાદ સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી. મંત્રીશ્રી દિપેશભાઇએ પ્રમુખશ્રી જતીનભાઇ, સહમંત્રી ઉર્વીબેન, ખજાનચીશ્રી સમીરભાઇ તથા વડિલશ્રી શાંતિલાલ ભાઇને સ્ટેજ પર આવવા આમંત્રણ આપ્યું. સભાની શરૂઆત ચિ. અવની પંચોલી તથા ચિ. દિયા પંચોલીની પ્રાર્થનાથી કરવામાં આવી.

નવસારી પંચોલી જ્ઞાતિપંચના વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબ સમીરભાઇએ તથા શ્રી ઉત્તમભાઇ ભાણાભાઇ મિસ્ત્રી વિલ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૮-૧૯ના હિસાબો શ્રી શાંતિલાલભાઇએ રજુ કર્યા જે સર્વાનુમતે માન્ય રખાયા. વર્ષ ૨૦૧૮-૧૯ વર્ષમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી અને કોલેજના વિદ્યાર્થીઓને રોકડ રકમ અને ગિફટ આપવામાં આવી. નિરાધાર/આર્થિક અસહાય /વિધવા ભાઇ-બહેનોની આવેલ દરેક અરજદારોને રૂા. ૨૨૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવી. શ્રીમતિ રમીલાબેનને ગત વર્ષે તરણ ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓ માટે પ્રમુખશ્રીના વરદ હસ્તે સ્મૃતિભેટ આપી બહુમાન કરવામાં આવ્યું.

સ્વયં યુવા સંગઠન ગ્રપ બનાવવા માટે ચર્ચા કરવામાં આવી. જેમાં પ્રમુખશ્રી તરીકે શ્રીમતિ અવનીબેન ભરતવાલાની સર્વાનુમતે વરણી કરવામાં આવી મંત્રી તરીકે મયૂરીબેન દિપેશભાઇ પંચોલીની નિમણૂંક કરવામાં આવી. ત્યારબાદ અંકલેશ્વર મુકામે યોજાનાર આકાંક્ષા-૩માં જવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી. તથા અગામી ડિસેમ્બર મહિનામાં સ્પોટ ડે ઉજવવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી.

સમાજના નાના બાળકોએ સાંસ્કૃતિક પોગ્રામની રજુઆત કરી પોગ્રામનું એંકરીંગ ચિ. દિયા સમીરભાઇ પંચોલીએ  અને ઉર્વી નિકુંજકુમાર દ્વારા કરવામાં આવ્યું. પ્રમુખશ્રી જતિનભાઇ તથા સહમંત્રી ઉર્વીબેન દ્વારા બાળકોને ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સમાજની બહેનોએ સુંદર ગરબો રજુ કર્યો. દરેક બહેનોને પ્રમુખશ્રી તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી. ત્યારબાદ સૌ અબાલ વૃધ્ધ સૌએ ગરબાની રમઝટ માણી. અંતમાં પ્રમુખશ્રી જતિનભાઇએ સૌનો આભાર વ્યકત કર્યો અને ત્યારબાદ અલ્પાહાર અને કેન્ડીને ન્યાય આપી છુટા પડયા.

આજ રોજ મળેલ દાનની યાદી....

૧૦૦૧ કાશિકભાઇ પી. મિસ્ત્રી
૨૫૦ જયંતિભાઇ સી. મિસ્ત્રી
૨૦૧ જશવંતભાઇ સી. મિસ્ત્રી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે.
૧૧૦૦ ગિરીશભાઇ ટી. પંચોલી-યજ્ઞ યજમાન નિમિત્તે
૧૦૦ શાંતિલાલ એમ. મિસ્ત્રી
૫૦૧ ભરતભાઇ મિસ્ત્રી-સ્વ. લીનાબેનની બીજી પૂણ્યતિથિ નિમિત્તે.
૫૦૧ શ્રીમતિ નયનાબેન અને શ્રી વિક્રમભાઇ મહેતા
૧૦૧ બાબુલાલ કે. મોદી
૧૦૦ ગં.સ્વ. વિણાબેન મિસ્ત્રી
૫૦૧ અવનીબેન જે. ભરતવાલા-શિક્ષણ સિધ્ધિ

મેળવવા બદલ

૧૦૦ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી

૨૦૧ મહેશભાઇ જી. પંચોલી

૧૧૧ જયંતિભાઇ જી. પંચોલી

૧૫૧ સ્વ. હરીશંકરભાઇ મિસ્ત્રી પરિવાર

૧૦૧ નવિનભાઇ એમ. મિસ્ત્રી

૨૨૨ શરદભાઇ ભીખુભાઇ પંચોલી

૫૦૧ ગં.સ્વ. પ્રતિમાબેન દિનેશભાઇ મિસ્ત્રી

૩૦૧ કમલકાંત બી. મિસ્ત્રી-માતુશ્રી સ્વ. લીનાબેન ના સ્મરણાર્થે

૧૦૦૮ મયુરભાઇ નવિનભાઇ મિસ્ત્રી

૨૫૦ એસ. જે. પી.

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ, શ્રી ભગીની સમાજ તેમજ શ્રી યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા આયોજિત અમૃતદાન ઉત્સવ -૨




શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના નેજા હેઠળ 'અમૃતદાન ઉત્સવ-૨' નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે તા. ૨૪ ઓક્ટોબર-૨૦૧૯ના રોજ વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી આ વૃધ્ધાશ્રમ રાધાકૃષ્ણ જી.સી.સી. કલબ(મીરારોડ) ખાતે સ્થિત છે. આ આશ્રમમાં લગભગ ૧૫ થી ૧૭ વૃધ્ધો આશ્રય પામ્યા છે. વૃધ્ધાશ્રમ એ સમાજ માટે એક કરૂણ બાબત છે. બાળકો પોતાની જવાબદારી પૂર્ણ કરતા નથી ત્યારે વૃધ્ધોની હાલત દયનીય બની જાય છે. તેમની સાથે સમય પસાર કર્યો. આ કાર્યક્રમ માટ સાથે બાળકોને લઇ ગયા હોવાથી સર્વે પ્રૌઢોએ બાળકો સાથે કિલ્લોલ કરી આનંદિત વાતાવરણ નિર્માણ થયું. સમાજ અને વંચિતજનો માટે કંઇક કર્યાનો સંતોષ પામી ઘરે રવાના થયા. ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે 'અમૃત કુંભ'માંથી ૫૦ કિલો ઘઉં, ૨૫ કિલો ચોખા, ૧૫ કિલો દાળ આપવામાં આવી હતી. તે દિવસે સમાજના સભ્યોના હાથે સૌ વડિલોને જમણ કરાવવામાં આવ્યું હતું. આ શુભ કાર્યોમાં સમાજના ૨૫ સભ્યો હાજર રહ્યા હતાં.

## સ્વયં ગ્રુપ-નવસારી





શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ પ્રેરિત સ્વયં ગ્રુપ નવસારી આયોજીત ખેલ મહાકુંભ-૨૦૧૯નું રવિવાર તા. ૨૨.૧૦.૨૦૧૯ના રોજ કરવામાં આવ્યું. સ્વયં ગ્રુપ નવસારીનું પ્રથમ આયોજન હોય સર્વેએ ખૂબ સાથ અને સહકાર આપ્યો.

કાર્યક્રમનો શુભારંભ ચિ. દિયા સમીરભાઇ પંચોલી અને ચિ. ભાવી તરંગકુમાર મિસ્ત્રીની પ્રાર્થનાથી કરવામાં આવ્યો. મંત્રીશ્રી દિપેશભાઇએ સૌનું સ્વાગત કરી હાજર રહેનાર તમામનો આભાર વ્યકત કર્યો. આયોજનને સફળ બનાવવા માટે મહેનત કરનાર કારોબારી સભ્યો તથા મહિલા મંડળનો પણ આભાર માન્યો. આજના મોબાઇલના યુગમાં ભુલાતી જતી શેરી રમતોને ફરી યાદ કરવા આ ખેલકુંભ મહોત્સવનું મહત્વ સંભળાવ્યું. પ્રમુખશ્રીએ જ્ઞાતિજનોને આવકાર્યા અને આ રમતગમતની હરિફાઇ નથી પણ બધા ભેગા મળી આનંદથી ભુલાઇ ગયેલી રમતોમાં ભાગ લઇ આનંદ અને મજા માણવાની વાત કહી. પ્રથમ દિપેશભાઇએ સૌને ૧૫ મિનિટ વાર્મઅપ કરાવી રમતનો દોર શરૂ કર્યો

આ મહોત્સવમાં ઇન્ડોર ગેમ્સ અને આઉટ ડોર ગેમ્સ નો સમાવેશ કરવામાં આવ્યો હતો તથા ઉંમર મુજબ ગૃપ પાડવામાં આવ્યા હતાં. જેમાં

૧. ૪ વર્ષ થી ૧૦ વર્ષ સુધી

૨. ૧૧ વર્ષથી ૧૯ વર્ષ સુધી

૩. ૧૯ વર્ષથી ૨૫ વર્ષ સુધી
૪. ૨૫ વર્ષથી ૪૫ વર્ષ સુધી
૫. ૪૫ વર્ષથી ઉપરના તમામ

આઉટ ડોર ગેમની શરૂઆત કરી જેમાં લીંબુ ચમચી, સ્લો સાયકલ, થ્રી લેગ્સ, બુક બેલેન્સ, કેળા દોડ, કોથળા દોડ, ગ્લાસ બોલ, ઉભી ખો, દોરડા કુદ જેવી ગેમોનો આનંદ માણ્યો. બપોરે ૧૨.૩૦ કલાકે સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપ્યો. ૧.૩૦ કલાકે ફરી ગેમ્સનો દોર શરૂ થયો જેમાં ઈન ડોર ગેમ્સ રમ્યા જેવી કે કેરમ, ચેસ, પાર્સીંગ બોલ, ટુથપીક કોઇન, સ્ટ્રો અને થર્મોકોલ બોલ, ડબ્બા ફોડ. બેડમીન્ટન અને અંતમાં હાઉસી રમ્યા. બપોરે ૪.૩૦ કલાકે ચા તથા વડા પાંઉને ન્યાય આપી સૌ છુટા પડયા..

ખેલ મહોત્સવ નિમિત્તે પ્રણવકુમાર પંચોલી તરફથી રૂા. ૫૦૦ ભેટ મળ્યા.

### સ્વયં ગ્રુપ-અંકલેશ્વર

તા.૨૯.૧૨.૨૦૧૯ના રોજ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત અને શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર અને સ્વયં ગ્રુપ અંકલેશ્વર દ્વારા આયોજીત આકાંક્ષા - ૩નો પ્રોગ્રામ ભવ્ય....અદ્ભુત...અને સફળ રહ્યો.... હાજર રહેલ સૌ સુખદ આશ્ચર્ય પામ્યા.... કહેવું પડે અંકલેશ્વર !!!

વિગતવાર અહેવાલ અને ફોટોગ્રાફસ આવતા પંચોલી નવયુગના ફેબ્રુઆરી અંકમાં પ્રકાશિત કરીશું.... તે પહેલા શકય હશે તો વેબસાઇટ પર પણ પ્રકાશિત કરીશું.....

# મહિલા સમાચાર

### તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તેજસ્વીની મહિલા મંડળ, વડોદરાની ડિસેમ્બર માસની કારોબારી સભ્યની મિટિંગ તા. ૧૬.૧૨.૨૦૧૯ને સોમવારના રોજ જયોતિબેન એસ. પંચોલી તરફથી 'પેટ પૂજા' કાઠીયાવાડી હોટલમાં ૪.૦૦ કલાકે રાખવામાં આવી હતી. જયોતિબેને સૌ બહેનોને કોકમનું જયુસથી સ્વાગત કર્યુ.

મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. સમાજમાં દિવંગત થયેલ આત્માઓની શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી. આનંદીબેને ગત મિટિંગની કાર્યવાહીનો અહેવાલ વાંચી સંભળાવ્યો.

આજરોજ વિવિધ શાકભાજી અને ફ્રુટના 'સલાડ ડેકોરેશન' કોમ્પીટીશન રાખવામાં આવી હતી. બધી બહેનો વિવિધ શાકભાજી સેલાડ, ફ્રુટ સલાડ, દહીં ક્રિમનું સલાડ બનાવી સુંદર ડેકોરેશન કરી લાવી હતી. નિર્ણાયક તરીકે શ્રીમતિ પૂર્વીબેને સેવા આપી હતી. જેમાં પ્રથમ વિજેતા જયોતિબેન કે. પંચોલી અને દ્વિતીય વિજેતામાં ચાર બહેનોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં હર્ષાબેન, આનંદીબેન, શીલાબેન અને પ્રીતિબેન જે. થયા હતાં.

હાઉસીની ગેમ રમ્યા. અંતમાં જયોતિબેન તરફથી હોટલમાં કાઠીયાવાડી સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણ્યો હતો. વિજેતા બહેનોને જયોતિબેન તરફથી ઈનામો આપી પ્રોત્સાહીત કર્યા હતાં. સુંદર વ્યવસ્થા કરવા બદલ જયોતિબેન અને પૂવીબેન તેમજ તેમના પરિવાજનોનો આભાર પ્રીતિબેન જે. પંચોલીએ આભાર માન્યો હતો.

આગામી મિટિંગ પ્રીતિબેન જે. પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી છે તેની જાણ કરી છુટા પડયા.

## શ્રી પંચોલી મહિલા મંડળ-સુરત



શ્રી પંચોલી મહિલા મંડળનો વાર્ષિક પોગ્રામ તા. ૨૧.૧૨.૨૦૧૯ના રોજ સુરત સ્ટારબજાર સ્થિત દિલ સે...રે... રેસ્ટોરન્ટમાં રાખવામાં આવી હતી.

જેની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. બધાએ મેરી ક્રિસમસ અને હેપી ન્યુયર થી સંબોધ્યા.. આજનો ડ્રેસ કોડ વેસ્ટર્ન રાખવામાં આવ્યો હતો. બધા એ રીતે ડ્રેસ પહેરીને વાર્ષિક પોગ્રામને માણવા આવ્યા હતાં.

સરપ્રાઇઝ ગેમ, વન મમિનિટ ગેમ, ડાન્સ, અક્ષર ગેમ, અક્ષર અંતાક્ષરી અને એ થી ઝેડ ગેમનો આનંદ માણ્યો હતો...

સાથે સાથે ડિનરનો પણ આનંદ માણ્યો જેમાં વેલકમ ડ્રિંક, સુપર સ્ટાર વેજ સબ્જી, પનીર સબ્જી, પાસ્તા સલાડ, ચીઝ બોલ, બિરયાની રાયતુ, નાન, કુલચાનો ટેસ્ટી સ્વાદ માણ્યો..

બધાએ ખૂબ મસ્તી અને ધમાલ કરી એકબીજાને શુભકામના આપી

આજની ગેમના વિજેતા હતા...
ઇલાબેન પ્રકાશભાઇ પંચોલી
વૈશાલીબેન મુકેશભાઇ પંચોલી
કાશ્મીરાબેન વિપુલભાઇ પંચોલી
મનિષાબેન પંચોલી
સરોજબેન અશોકભાઇ પંચોલી
ભારતીબેન ધર્મેન્દ્રભાઇ પંચોલી
રીચાબેન પ્રિયાંકભાઇ પંચોલી
ઉર્વશીબેન યોગેશભાઇ મિસ્ત્રી
મોનલબેન આશિષભાઇ પંચોલી
આજ રોજ નીચે મુજબની ભેટ મળી...



૨૫૦૦/- પૂર્ણિમાબેન કમલેશભાઇ ગજ્જર તરફથી પુત્રી રીમાને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે...
૨૦૦/- ત્રિવેણીબેન ઇન્દ્રવદનભાઇ પંચોલી
૨૦૦/- અલોકીબેન સંજયભાઇ જરીવાલા તરફથી પુત્રી એષાને પુત્રીરત્ન કાયરાનો જન્મ થયો તે નિમિત્તે.
૨૦૦/- કવિતાબેન ચેતનભાઇ પંચોલી
૧૦૦/- મયુરીબેન રવિન્દ્રભાઇ મિસ્ત્રી તરફથી પૌત્રી હનીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે..
૧૦૦/- કુસુમબેન જયંતિલાલ પંચોલી
૧૦૦/- નિશા અને પ્રીતિ મિસ્ત્રી
૧૦૦/- જયશ્રીબેન જતીનભાઇ મિસ્ત્રી
૧૦૦/- જ્યોત્શનાબેન ભૂપેન્દ્રભાઇ પંચોલી
૧૦૦/- રીચા પ્રિયાંકકુમાર પંચોલી
૧૦૦/- મનિષાબેન પંચોલી
૧૦૦/- તેજલબેન દિપકભાઇ ગાંધી
આ વાર્ષિક પોગ્રામ નિમિત્તે રૂા. ૨૫૧ પંચોલી નવયુગને ભેટ આપવાનું નક્કી કરવામાં આવ્યું.

## શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

ડિસેમ્બર મહિનાની ૧૫ તારીખે મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી હતી. વર્ષની અંતિમ મિટિંગમાં ઘણી બહેનોએ હાજરી આપી હતી. ઉપપ્રમુખ હેતલબેને સૌને આવકાર્યા. પ્રિયંકાબેનની પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. સરપ્રાઇઝ ગેમ હેતલબેને રમાડી જેના વિજેતા આનંદીબેન ભરતભાઇ પંચોલી થયા. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરવામાં આવી. આજરોજ ભાવનાબેન ભવનીશભાઇની બર્થડે હોવાથી એમના તરફથી સૌને ચોકલેટ ખવડાવી મો મીઠુ કરાવ્યું. ત્યારબાદ વ્યારા સમાજના દેવલોક પામનાર વડિલશ્રી જયંતિભાઇ ઠાકોરલાલ ગાંધીને ૨ મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી. આજરોજ કાર્ડ ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં વેડિંગ કાર્ડ, મધર્સ ડે કાર્ડ, બર્થડે કાર્ડ બનાવી બહેનોએ પોતાની કલાસુઝ બતાવી.

શિયાળાની ઋતુમાં તરોતાજા રહેવાની ટીપ્સો સરસ્વતીબેને વિશિષ્ટ માહિતી આપી. આવનારા વર્ષ ૨૦૨૦ માટે એકબીજાને શુભેચ્છાઓ પાઠવી. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

એનીવર્સરી નિમિત્તે

૧૦૦૦ જયશ્રીબેન સનતભાઇ પંચોલી
૫૧ નયનાબેન જયેશભાઇ પંચોલી
૧૫૧ આનંદીબેન ભરતભાઇ પંચોલી
૫૦ વર્ષાબેન ભદ્રેશભાઇ મિસ્ત્રી
૫૧ હેતલબેન ધવલભાઇ પંચોલી

વર્ષગાંઠ નિમિત્તે

૫૧ પદમાબેન હસમુખભાઇ પંચોલી
૫૧ જયોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી

## શ્રી પંચોલી ભગીની મંડળ-રાજપીપલા

પંચોલી ભગીની સમાજ રાજપીપલાની નવેમ્બર માસની મિટિંગ તા. ૧૮.૧૧.૨૦૧૯ના રોજ દક્ષાબેન પંચોલીને ત્યાં રાખવામાં આવી. ગુરૂવંદના અને પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી. દક્ષાબેને સૌ બહેનોને આવકારી કોલ્ડ કોફીથી સ્વાગત કર્યુ. પ્રમુખશ્રીએ દિવાળીનું મહત્વ સમજાવ્યું. દિવાળી ટુંક સમયમાંજ ગઇ હોવાથી દિવાળી કાર્ડ બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી. સર્વે બહેનો ઘરેથી કાર્ડનુ મટીરીયલ્સ લાવી સ્થળ પર કાર્ડ બનાવ્યા હતાં. દક્ષાબેને એમાં સરપ્રાઇઝ રાખ્યું હતું અને નંબર આપ્યા. જેમાં પ્રથમ-જયશ્રીબેન, દ્વિતીય સ્નેહાબેન અને તૃતીય હિરલબેન વિજેતા થયા હતાં.

૧૪મી નવેમ્બર નિમિત્તે જવાહરલાલ નહેરૂનો જન્મદિવસ અને બાળદિન નિમિત્તે નાના બાળકો સુંદર ડ્રેસમાં હાજર રહ્યા હતાં.સુંદર ચિત્રો દોરી રંગપૂરણી કરી હતી. રાજરોજ બ્લેક સાડી કોડ રાખ્યો હતો.. બાળકો સાથે ડાંન્સ પાર્ટી કરી હતી. જવાહરલાલ નહેરૂના પ્રસંગો કહ્યા. તથા દિવંગત આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી.

યુ.એસ.એ. નિવાસી નટવરભાઇ પંચોલીના સ્મરણાર્થે પુત્રવધુ નયનાબેને રૂા. ૧૦૦૧ની ભેટ આપી હતી. ૧૦૧ ગીતાબેન બુધ્ધસાગર પંચોલી તરફથી ભેટ મળી. અંતમાં સુંદર અને સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી છુટા

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૬.૧૨.૧૯ના રોજ મીનાબેન ચંદુભાઇ પંચોલીના નિવાસ સ્થાને મિટિંગ રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી.


પ્રથમ આકાંક્ષા-૩ અંગે ચર્ચા કરવામાં આવી. વકૃત્વ સ્પર્ધા અને એકપાત્રિય અભિનય માટે નામોની નોંધણી કરી. આકાંક્ષા-૩ને સફળ બનાવવા સૌએ સાથ સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યું.

આજરોજ કેક બનાવવાની હરિફાઇ રાખવામાં આવી હતી. કેક ઘરેથી બનાવવીને લાવવાની હતી.. સાથે સાથે કાર્ડ મેકીંગની હરીફાઇ રાખવામાં આવી હતી. ચાલુ વર્ષને વિદાય આપીને નવા વર્ષને વધાવવા કેક કટીંગ અને કાર્ડ વિનિમય કરી એક બીજાને શુભેચ્છાઓ પાઠવી. આ હરિફાઇના નિર્ણાયક તરીકે સ્નેહાબેન અને અમિતાબેને સેવા આપી હતી.. કેક હરિફાઇમાં પ્રથમ કેતકીબેન અને દ્વિતીય દક્ષાબેન વિજેતા થયા હતા. જયારે કાર્ડ હરિફાઇમાં પ્રથમ કલ્પનાબેન અને દ્વિતીય દક્ષાબેન વિજેતા થયા હતા. વિજેતા બહેનોને પ્રમુખશ્રીના વરદ હસ્તે મંડળ તરફથી ઈનામ આપવામાં આવ્યા હતાં. આ માસમાં આવતી બર્થડે અને મેરેજ એનીવર્સરી વિશ કરવામાં આવી અને એનીવર્સરી નિમિત્તે ગીફટ આપવામાં આવી...

આજરોજ નીચે મુજબ ભેટ મળી હતી...

૫૧ અનુરાધાબેન મનુભાઇ મિસ્ત્રી-બર્થડે
૫૧ ગાયત્રીબેન કૃણાલભાઇ પંચોલી-બર્થડે
૧૦૧ સાધનાબેન હેમલકુમાર મિસ્ત્રી-બર્થડે
૫૧ મીનાબેન ચંદુભાઇ પંચોલી-એનીવર્સરી
૫૦ ભાવના મલય મિસ્ત્રી-એનીવર્સરી
૫૧ ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી-એનીવર્સરી
૫૧ સોનલ મનોજકુમાર પંચોલી-એનીવર્સરી
૧૦૧ નીપા મૌલિક મિસ્ત્રી તરફથી પુત્રરત્ન દર્શિવનો જન્મ નિમિત્તે.
૧૦૧ સોનલબેન તરફથી પુત્રી શ્રેયાને ત્યાં પુત્રરત્ન ખુશાંશના જન્મ નિમિત્તે..

## દેવના દિધેલ



સોનગઢ નિવાસી શ્રી વિશાલ હરીશભાઇ પંચોલીને ત્યાં તા. ૦૫.૧૧.૨૦૧૯ના રોજ પુત્રરત્ન 'જીયાંશ'નો જન્મ થયો.
માતા : વૈભવીબેન



મુંબઇ નિવાસી શ્રી હર્ષ અનિષકુમાર પંચોલીને ત્યાં તા. ૨૦.૧૦.૨૦૧૯ના રોજ પુત્રીરત્ન 'કાયરા'નો જન્મ થયો.
માતા : એષાબેન



સુરત નિવાસી શ્રી કૃશાંત સંજયકુમાર જરીવાલાને ત્યાં તા. ૨૭.૧૧.૨૦૧૯ના રોજ પુત્રીરત્ન 'નીવા'નો જન્મ થયો.
માતા : ભૂમિકાબેન



મુંબઇ નિવાસી શ્રી કૌશલરાજ કિરણકુમાર પંચોલીને ત્યાં તા. ૧૨.૧૨.૨૦૧૯ના રોજ પુત્રરત્ન 'ક્રિશીવ'નો જન્મ થયો.
માતા : રીમાબેન



સુરત નિવાસી શ્રી રોનિશકુમાર અશ્વિનભાઇ પંચોલીને ત્યાં તા. ૨૧.૧૧.૨૦૧૯ના રોજ પુત્રરત્ન 'માહેર'નો જન્મ થયો.
માતા : ક્રિષ્નાબેન



નવસારી નિવાસી શ્રી દિપેનકુમાર બકુલભાઇ મિસ્ત્રીને ત્યાં તા. ૧.૧૨.૨૦૧૯ના રોજ પુત્રરત્ન 'ખુશાંશ'નો જન્મ થયો.
માતા : શ્રેયાબેન

## એકવાર જાવુ હરીના ધામમાં



વડોદરા નિવાસી અ.સૌ. રેખાબેન રજનીકાંત પંચોલી તા. ૨૧.૧૧.૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા.



સુરત નિવાસી અ.સૌ. દક્ષાબેન નિલેશભાઇ પંચોલી તા. ૨૫.૧૨.૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા.

## ગૌરવ




વડોદરા નિવાસી કમલેશભાઇ પંચોલીની સુપુત્રી રીયાએ વર્ષ ૨૦૧૯માં બેસ્ટ પરફોર્મન્સ ઇન ઓડીટ ટીમ માટે એવોર્ડ પાપ્ત કર્યો છે... કુટુંબ અને સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન....

## હેપી બર્થડે..



ચિ. રીવા આકાશકુમાર પંચોલી-વડોદરા
જ.તા. ૧.૧.૨૦૧૮



ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી-મુંબઇ
જ.તા. ૯.૧.૨૦૧૬

## વડોદરા સમાજને મળેલ ભેટ

વડોદરાના શ્રીમતિ સંગિતાબેન અને દિપ્લેશભાઇ પંચોલીની સુપુત્રી માનસીના શુભલગ્ન અમદાવાદના કશ્યપ રજત બદાની સાથે તા. ૩.૧૨.૨૦૧૯ના રોજ થયા તે નિમિત્તે નીચેની સંસ્થાઓમાં ભેટ મળી છે...
રૂા. ૫૦૦ તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા
રૂા. ૫૦૦ પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ-વડોદરા
રૂા. ૫૦૦ શ્રી પંચોલી સમાજ વડોદરા
રૂા. ૫૦૦ પંચોલી યુવા સ્વયં

# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૭૫૦ /- સ્વ. જેકોરબેન તથા સ્વ. વિઠ્ઠલદાસ એસ. પંચોલી પરિવાર રાજપીપલા તરફથી પંચોલી નવયુગ પોષ્ટીંગ ચાર્જ

રૂા. ૨૫૧/- મુંબઇ નિવાસી કેયૂરકુમાર તથા વડોદરા નિવાસી કંદર્પકુમાર ચેતનભાઇ પંચોલી તરફથી શુભેચ્છા ભેટ

રૂા. ૨૫૦/- મુંબઇ નિવાસી અનિષભાઇ એ. પંચોલી તરફથી પૌત્રી કાયરાના જન્મ નિમિત્તે.

રૂા. ૨૦૦/- સુરત નિવાસી શ્રીમતિ અલૌકીબેન તથા શ્રી સંજયકુમાર મુકુંદચંદ્ર જરીવાલા તરફથી દૌહિત્રી કાયરાના જન્મ નિમિત્તે.

રૂા. ૫૦૧/- સુરત નિવાસી રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી તરફતી પૌત્ર માનવ અને માર્મિક વધુ અધ્યાસ માટે કેનેડા ગયા તે નિમિત્તે.

રૂા. ૫૦૦/- વડોદરા નિવાસી શ્રીમતિ સંગીતાબેન તથા શ્રી દિપ્લેશભાઇ રમેશભાઇ પંચોલી તરફથી સુપુત્રી ચિ. માનસીના શુભલગ્ન નિમિત્ત

રૂા. ૫૦૦/- વડોદરા નિવાસી શ્રી રજનીભાઇ સોમાલાલ પંચોલી તરફથી ધર્મપત્ની સ્વ. અ.સૌ. રેખાબેનના સ્મરણાર્થે

રૂા. ૧૦૦/- વડોદરા નિવાસી શ્રી આકાશકુમાર શશીકાંતભાઇ પંચોલી તરફથી સુપુત્રી ચિ. રીવાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૫૧/- બીલીમોરા નિવાસી બિપીનભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી તરફથી એમની વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૦૦/- અંકલેશ્વર નિવાસી પરેશભાઇ મગનભાઇ પંચોલી તરફથી પંચોલી ટેલર નૂતન દુકાન પ્રવેશ નિમિત્તે.

રૂા. ૨૫૦/- સુરત મહિલા મંડળ-સુરત તરફથી એમના વાર્ષિક પોગ્રામ નિમિત્તે..

રૂા. ૧૫૧/- સુરત નિવાસી સ્વ. ઇન્દ્રવદનભાઇ બી પંચોલીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે ત્રિવેણીબેન તથા પરિવારજનો તરફથી

રૂા. ૧૦૦/- સુરત નિવાસી ભરતભાઇ ખંડુભાઇ મિસ્ત્રી તરફથી નવયુગ પોષ્ટીંગ ચાર્જ....

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી અમૃતલાલ છગનલાલ પંચોલી મુંબઇ | સ્વ. ચુનીલાલ છગનલાલ પંચોલી મુંબઇ

**Book-Post**

## Printed Book

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**